ઉપોદ્‌ઘાત.

ધિ ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસની ત્રીસમી બેઠક એક યાદગાર બેઠક હતી. કોન્ગ્રેસની આ બેઠક દરેક રીતે અપૂર્વ હતી; અને તે અપૂર્વતા માત્ર બહારના ઠાઠમાઠમાંજ નહિં પણ અંદરની કારવાઇમાં પણ હતી; મંડપની રચના શોભા અને ભવ્યતા વગેરેમાંજ નહિ, પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોની સંખ્યા અને વર્ગવારીમાંજ નહિ, પણ તે બેઠકમાં થયેલા કામકાજમાં, તેનાથી જનમંડળ અને કોન્ગ્રેસના મિત્રો અને પ્રતિપક્ષીઓના મન ઉપર થયેલી અસરમાં તેમજ કોન્ગ્રેસના પોતાના ભવિષ્યના સંબંધમાં પણ તે બેઠક અપૂર્વજ હતી. કોન્ગ્રેસનો આદર કરવાની વખતે રા. ગોપાળરાવ ગોખલેના દુઃખદ સ્વર્ગવાસથી શોક અને મંદોત્સાહથી મુંબઇના અગ્રેસરોનાં મન છવાઇ રહ્યાં હતાં. તો પણ છેવટને વખતે સર ફિરોજશાહની અનુજ્ઞા લઈ તેમના ભકિતમાન્ સહાયકોએ કામ ઉપાડયું. ખરે વખતે સર ફિરોજશાહને પણ તેમણે ગુમાવ્યા, અને શોક અને મંદોત્સાહમાં આરંભાયેલી કોન્ગ્રેસની તૈયારીઓ છેવટ સુધી–છેક પ્રમુખસાહેબની પધરામણીની તક સુધી–શોક અને વ્યગ્રતાના વાતાવરણમાંજ થઈ. સર ફિરોજશાહ અને ગોખલેનું જરા દીઠું ન પડવું જોઇએ એવો નિશ્ચય કરીને તે કોન્ગ્રેસને ફતેહમંદ કરવાને રિસેપ્શન કમિટીના અગ્રેસરોએ અથાક શ્રમ અને ધૈર્યથી કામ કર્યું અને 'જુવાન હિંદે' પણ તે કાર્યમાં મહત્ત્વનો ફાળો આપ્યો. સર્વેએ એકદીલે અને સ્વયંભૂ વૃત્તિથી કામ કરવાથી કોન્ગ્રેસની સર્વ વ્યવસ્થા સુસ્થિત થઈ શકી; હિન્દુ મુસલમાન, પારસી અને યુરોપીયન એ બધી કોમોની એકસરખી સહાયતાથી ત્રીસમી કોન્ગ્રેસ બધી રીતે ફતેહમંદી સાથે પસાર થઈ. કોન્ગ્રેસના આંતર તંત્રનાં ભિન્ન ભિન્ન દેખાતાં સર્વ બળોને એક તંત્રમાં લાવી એકાગ્રચિત્તથી સમાધાનીથી અને માત્ર દેશ હિતના જ ઉપર નજર રાખી કાર્ય કરવાની આપણા અગ્રેસરોની શકિતથી, સર્વ તરેહના કલેશોને કાપીને, સર્વ મતભેદોનાં સમાધાનો કરીને, પ્રજા તરીકે હિંદના હક્કો અને અભિલાષોનું સત્ય અને નિર્મળ વૃત્તિથી પણ આગ્રહપૂર્વક પ્રતિપાદન કરીને, દેશઉપર અને બ્રિટિશ સામ્રાજ્યનાં સર્વ અંગો ઉપર પોતાના વધતા જતા બળનો અચૂક પુરાવો આપી, સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહના પ્રમુખપણા નીચે બેઠેલી તે કોન્ગ્રેસે, અપૂર્વ એકતા, ઊંચી રાજનિષ્ઠા, ઊંડી દેશ ભકિત, અને ગંભીર આત્મપ્રતિષ્ઠાની ચોધારી નીતિની વિજયપતાકા ગગનગામી હર્ષનાદો વચ્ચે કોન્ગ્રેસના મંડપના ભવ્ય અને સુંદર ઘુમ્મટ ઉપરથી ફરકાવી.

કોન્ગ્રેસની આ બેઠકની તે અસાધારણ ફતેહનો પૂરેપૂરો જસ સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહની ડહાપણ વાળી પણ બલિષ્ઠ, સીધી અને સત્યનિષ્ટ સરદારીને ઘટે છે. તેમનું આદ્યનિવેદન અત્યાર સુધીમાં થયેલાં આદ્ય ભાષણોની પ્રથમ પંકિતમાં મૂકવા લાયક છે. જેમ જેમ તેનું વિશેષ પરિશીલન થતું જાય છે તેમ તેમ તેમાં નવો રસ અને નવા ચમત્કારો નજરે પડે છે. તે નિવેદનનું તે આંતર સૌષ્ઠવ, સર સત્યેન્દ્રની ગંભીર ભાષા, અસ્ખલિત વાદપટુતા, સાદી અને તેને લીધે અસાધારણ અસર કરનારી શૈલી, અને મંડપના છેક છેટેના ભાગો સુધી પહોંચી વળતો તેમનો બાલસિંહના જેવો સુકુમાર પણ હૃદયવેધી સ્વર, એ બધાના મનોહારી સંયોગથી ત્રીસમી કોન્ગ્રેસનું આ આદ્ય ભાષણ એવું તો મનોહારી થયું હતું કે જેમણે તેનું શ્રવણ કર્યું હશે તેમનાથી તે કદી ભૂલાવાનું નથી. તેમના ગંભીર ભાષણે કોન્ગ્રેસની ફતેહની ચિંતા દૂર કરી, તેમની નિર્ણય શકિતમાં, તેમની દૃઢતામાં, સમયમાહાત્મ્યની તેમની સમજણમાં, એક શબ્દમાં, તેમની કુશલતામાં, નવા નેતાઓની ખોટથી હેરાન થતા હિંદનો વિશ્વાસ બેસાડયો, અને દેશ આગળ જે મોટા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા તેનું સંતોષકારક નિરૂપણ થયેલું જોઇને દેશના ભવિષ્યને માટે પણ આખા જનસમાજમાં ઉત્સાહ ઉત્પન્ન કર્યો.

કોન્ગ્રેસના ઠરાવો.

ચાર વિદેહ નેતાઓને નિવાપાંજલિ. ૧–૪

અને એ ભાષણના પ્રોત્સાહન નીચે તે કોન્ગ્રેસે જે ઠરાવો પસાર કર્યા છે તેમાં પણ કોન્ગ્રેસના જીવન ઉપર ધ્યાન પૂર્વક વિચાર કરનારને કાંઇક અપૂર્વતા લાગ્યા વિના નહિ જ રહી હોય. તે કોન્ગ્રેસના પહેલા ચાર ઠરાવો આપણા વિદેહ નેતાઓને સંયુક્ત હિંદની નિવાપાંજલિના છે. એક વર્ષની દરમિયાન કોન્ગ્રેસે ચાર એવા મહાત્માઓ ગુમાવ્યા હતા કે જેમની ખોટ પૂરાતાં ઘણીવાર લાગશે એમ સર્વ કોઇ માને છે. આ મહાત્માઓ તે ગોપાલ કૃષ્ણ ગોખલે અને સર ફિરોજશાહ મેહેતા, સર હેન્રિ કૉટન અને મિ. કેર હાર્ડિ. આ ઠરાવોમાં જે શબ્દો વપરાયલા છે તે હિંદના હૃદયના ઊંડામાં ઊંડા પટોમાંથી નીકળેલા છે. તે ઠરાવો તે તે મહાત્માઓના આંતર સ્વરૂપનું પ્રકટીકરણ કરેછે તેમની સેવાઓની ટૂંકી નોંધ લે છે અને તેમના ગુણોનું ગાન કરે છે, છતાં તે શબ્દો સ્તુતિના નથી પણ સત્યના છે અને સમજણા હિંદના મનમાં એમને માટે જે ઊંડા અને ભક્તિભર્યા ભાવો ઉદ્ભવ્યા છે તેનું તેમાં યથાસ્થિત પ્રતિબિંબ છે.

રાજ ભકિત અને સામ્રાજ્યનિષ્ઠા ૫–૬.

પાંચમાં અને છઠ્ઠા ઠરાવમાં આપણી રાજભકિત અને સામ્રાજ્યનિષ્ઠાનું પ્રખ્યાપન છે. બ્રિટિશ સામ્રાજ્ય ઉપર અત્યારે જે મહાભયંકર પ્રસંગ ઉપસ્થિત થયો છે તેમાં તે સામ્રાજ્યના એક અગત્યના અંગ તરીકે આપણી પૂર્ણ ભકિત અને યથાશક્તિ સહાય આપવાની સાચી વૃત્તિ એકે અવાજે પ્રકટ કરવાથી સામ્રાજ્યના જે દુશ્મનો હિંદમાં આંતર વિગ્રહ પ્રકટાવવાની અભિલાષા રાખતા અને રાખે છે તેમને નિરાશ કરી શકાયા છે અને બ્રિટિશરાજ્યના પ્રધાન પુરુષોની આપણી વૃત્તિ સંબંધી કાળજી ઓછી કરી શકાઈ છે.

લૉર્ડ હાર્ડિંજની મુદ્દતમાં વધારો. ૭.

સાતમો ઠરાવ લૉર્ડ હાર્ડિંજની હિન્દના વાઇસરૉય તરીકે કારકીર્દિ લંબાવવાની વિનંતિ કરવાનો હતો. એ નામદારે છેલ્લાં છવર્ષમાં હિન્દને ઘણો ગુણ કર્યો છે અને હિન્દ એમ ચોકસ માને છે કે એ મહાશયને હાથે હિંદને હજી ઘણા લાભો થવાનો સંભવ છે. યુદ્ધ પૂરૂં થયા પછી થોડો વખત જાય ત્યાં સુધી એમને અત્રે રાખવાનો આગ્રહ કરવાનું કારણ એ હતું કે યુદ્ધના પ્રસંગને લીધે કેટલાક અગત્યના સુધારાઓ બાજૂ ઉપર મૂકવામાં આવ્યા છે અને કેટલાક અસાધારણ પ્રબંધો રચવા પડવા પડયા છે તે બધાનાં નિરાકરણ પાછાં તેમને હાથેજ કરવાની તક તેમને મળે. વળી ચારે તરફથી એમ સંભળાઈ રહ્યું છે કે યુદ્ધને અંતે આખા સામ્રાજ્યના રાજ્યતંત્રમાં અગત્યના ફેરફારો થવાના છે. તે સાંચું ઠરે તો તે પ્રસંગે હિન્દુસ્તાનને સામ્રાજ્યના એક અંગ તરીકેના તમામ હકકો આપવા તરફ કાંઇ અગત્યનાં પગલાં ભરવાનું એ નામદારને મુબારક હાથે બની શકે. એ ઠરાવ લૉર્ડ હાર્ડિંજ ઉપર હિંદની પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ પ્રકટ કરે છે. જો કે નામદાર બ્રિટિશ સરકારે અત્યારે તો આપણી એ માગણી સ્વીકારી નથી તો પણ એવી આશા રાખી શકાય કે યુદ્ધ વિરામ પામ્યા પછી જ્યારે આવા પ્રકારનો પ્રસંગ આવશે ત્યારે એક અથવા બીજા રૂપમાં લૉર્ડ હાર્ડિંજને હિંદની હિમાયતમાં ઊભા રહેવાની તક મળશે.

લશ્કરી તાલીમ અને-શસ્ત્ર નિષેધનો કાયદો. ૮-૯.

આ પછીના ઠરાવો અત્યંત અગત્યના છે. એ જોકે જુના છે તોપણ હમણાંના સંયોગોમાં એની અતિશય ઉપયોગિતા છે. આ ઠરાવ બે દૃષ્ટિબિન્દુથી જોઈ શકાય છે. એક સમાનતાનું અને બીજું રાષ્ટ્રીય આવશ્યકતાનું. પોતાનાજ દેશમાં દેશના વતનીઓને લશ્કર અને નૌકાદળમાં યોગ્ય સ્થાન ન મળે એ રાષ્ટ્રને અત્યંત હાનિ કર્તા છે. આ દળો તે રાષ્ટ્રનાં આવશ્યક અંગો છે અને ખુદ વતનીઓને તેથી દૂર રાખવાથી દેશને પોતાના રક્ષણ માટે પરબળ ઉપરજ આધાર રાખવો પડે છે. નામદાર લૉર્ડ હાર્ડિંજે હમણાંજ એક પ્રસંગે પ્રકટ કર્યું હતું કે યુદ્ધનો પ્રસંગ શરૂ થયા પછી હિંદમાંથી ત્રણ લાખ લશ્કર રવાના કર્યું છે અને એક વખત એવો હતો કે દશ પંદર હજાર લશ્કરના હાથમાં હિંદના લાખો ચોરસ માઇલના વિસ્તારનું રક્ષણ મૂકવું પડ્યું હતું. હિંદમાં માણસની ખામી નથી, લડાયક બળની ખામી નથી, અને યોગ્ય કારણસર યુદ્ધમાં ઉતરવાના ઉત્સાહની પણ ખામી નથી; તો પછી હિંદના ખુદ વતનીઓને લશ્કરી જીવનની ઊંચી જવાબદારીઓનાં સ્થાનોમાંથી બાતલ કરવામાં લોક ઉપર અવિશ્વાસ સિવાય બીજો કાંઈ પણ હેતુ હોવાનો સંભવ નથી. એ અવિશ્વાસ આ યુદ્ધને પ્રસંગે પોતાની આંતર વૃત્તિના અનેક રીતે હિંદે આપેલા પુરાવા ઉપર ધ્યાન આપી સરકારે હવે દૂર કરવો જોઇએ, અને રાષ્ટ્રના રક્ષણની જવાબદારીનો કંઈક ભાગ પ્રજાને આપવો જોઇએ એવો આ ઠરાવમાં સરકારને આગ્રહ કરવામાં આવ્યો છે અને લશ્કરી તાલીમ લેવાનું બની શકે તે માટે તેવી તાલીમની જે નીશાળો દેશમાં હોય તે હિંદીઓને માટે ખુલ્લી મૂકવાની માગણી કરવામાં આવી છે. આ ઠરાવનો બીજો ભાગ આ દેશના પૌરજનોનું એક સૈન્ય રચી તેમાં હિંદીઓને સ્વેચ્છાસૈનિકો તરીકે દાખલ થવાની તક આપવાના સંબંધમાં છે. દરેક સુધરેલા દેશમાં આ પ્રકારેજ જરૂરને પ્રસંગે મહાસેનાઓ એકઠી કરવામાં આવે છે તો હિંદને એ હક શામાટે ન આપવો ? આ બાબતમાં હિંદને ઘણીજ લાગણી છે અને જ્યાં સુધી આ હક હિંદને ન મળે ત્યાં સુધી એક પ્રજા તરીકેની તેની પ્રામાણિકતા ઉપર એક મોટું કલંક છે એમ હિંદ માને છે. આ કલંક દૂર કરવા આપણ ઘણાં વર્ષથી મથીએ છીએ, પણ અત્યારની કટાકટીના પ્રસંગમાં પણ હિંદની ઉપરા ઉપરી માંગણીઓ છતાં સરકારે સ્વેચ્છાસૈનિકના દળમાં હિંદીઓને સંતોષકારક સ્થાન નથી આપ્યું એ વાત હિંદીઓને બહુજ સાલે છે અને તે લાગણી પ્રકટ કરી તેમાં સંતોષ આપવાની સરકારને આવશ્યકતા બતાવનાર આ ઠરાવ છે. આપછીનો આજ પ્રકરણનો બીજો ઠરાવ શસ્ત્રાસ્ત્ર નિષેધના કાયદાના સંબંધમાં છે. આ નિષેધથી ઘણી અગવડો પડે છે એ બાબત પૂર્વે ઘણું વિવેચન થયેલું છે. એ કાયદો પણ આપણા ઉપર કલંક રૂપ છે. પાંચ હજાર વર્ષના સંસ્કારી જીવન પછી પણ શું હિંદીઓ શસ્ત્રાસ્ત્ર ધારણ કરવા જેટલા શાન્ત અને આત્મસંયમી મનાતા નથી ! શું, હિન્દીઓ, શસ્ત્ર બાંધશે એટલે તેનો ઉપયોગ આંતર વિગ્રહમાંજ કરશે એવા ટુંકી બુદ્ધિના અને કલહપ્રિય છે ? હજી જ્યાં સુધી દુષ્ટતા હિંદમાથી નષ્ટ થઈ નથી, જ્યાં સુધી ઝેરી અને જંગલી પ્રાણીઓ નાબુદ થયાં નથી અને જ્યાં સુધી જગત્માંથી શસ્ત્રનો ઉપયોગ હમેશને માટે અદૃષ્ટ થયો નથી ત્યાં સુધી માત્ર હિંદીઓનેજ અણીને પ્રસંગે નિરાધાર અને પરાશ્રયી રાખવા એનું કાંઈ કારણ છે ? આ અને આવી તરેહના બીજા સવાલો સ્વાભાવિક રીતે પૂછાય છે અને તેના સંતોષકારક જવાબો મળતા નથી. ખરી રીતે આ સવાલોના સંતોષકારક જવાબો આપી શકાય તેમ છેજ નહિ. સરકારનો લોક ઉપર જેટલો જોઇએ તેટલો વિશ્વાસ નથી એ સિવાય બીજું કાંઈ પણ આનું કારણ કલ્પી શકાતું નથી અને તે અવિશ્વાસ દૂર કરવા સરકારને વિનંતિ છે. આ ઠરાવ શસ્ત્રાસ્ત્ર નિષેધના કાયદાને અંગે કરેલા ધારા ધોરણોમાં એવા ફેરફારો કરવા માગે છે કે શસ્ત્ર ધારણ કરવાના સંબંધમાં જે પ્રબંધ રચવા હોય તે સર્વે કોમોને સરખા રીતે લાગૂ પડે તેવા રચવા જોઇએ, પરવાના છૂટથી આપવા જોઇએ, પરવાના

એક વાર આપ્યા તે હમેશને માટે કાયમ રાખવા જોઇએ, જે પ્રાંતને માટે પરવાના આપ્યા હોય તે આખા પ્રાન્ત માટે એ પરવાના ઉપયોગી થવા જોઇએ અને એનો દુરુપયોગ કર્યો છે એવું સાબીત થાય ત્યારેજ રદ થઈ શકે એવા હોવા જોઈએ. આવી રીતે જો સુધારા થાય તો તે નિષેધ સામેના ઘણા વાંધા દૂર થાય, એ સમજી શકાય તેવું છે. આ સંબંધમાં સર સત્યેન્દ્રનાં નિરુપણ ઘણાંજ અસર કારક છે.

હિંદ અને સંસ્થાનો. ૧૦-૧૧-૧૩.

આ પછી ૧૦-૧૧-૧૩ એ ઠરાવો બ્રિટિશ સામ્રાજ્યના સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોમાં વસતા આપણા સ્વદેશ બાન્ધવોના હકકોના સંબંધમાં છે. આ સંબંધમાં આપણી ફરિયાદો ગંભીર પ્રકારની છે. દક્ષિણ આફ્રિકાની સરકારે લોકમાન્ય મોહનલાલ કરમચંદ ગાંધીની સત્યાગ્રહી સરદારી નીચે ચાલેલા મહાન્ અશસ્ત્ર વિગ્રહને પરિણામે કંઈક છૂટછાટ મૂકી છે પણ ત્યાં તેમજ કૅનેડામાં હજી એવા ધારાઓ છે કે જે આપણા દેશબાંધવોની એટલે આપણીજ આત્મપ્રતિષ્ઠાને હાનિકર છે. તે રાજ્યો આપણને પણ યુરોપમાંથી આવતી બીજી વસતિના જેવાજ ગણે અને તેમના જેવા હક આપે એવી આપણી માગણી છે. એકજ મહાસામ્રાજ્યના રક્ષણ નીચે રહેનારા એમણે આપણા તરફ અને આપણે તેમના તરફ સામ્રાજ્ય બંધુઓ તરીકે વર્તવું જોઇએ તેને બદલે સ્થિતિ એવી આવી છે કે આપણા કરતાં સામ્રાજ્યના અમિત્રરાજ્યોની વસતિ સાથે તેઓ વધારે સલુકાઇથી વર્તે છે અને આપણા કરતાં તેમને હક પણ વધારે આપે છે. આમ હોય તો સામ્રાજ્યબંધુતા કયાં રહી ? એ મોટો પ્રશ્ન ઊભો થાય છે. ખરી વાત છે કે તે બધાં રાજ્યો સ્વતંત્ર અને સ્વરાજ્ય ભોગવતાં છે અને ત્યાં આપણા વાઇસરૉયનો કે મહારાજાધિરાજના મંત્રીઓનો પણ કંઇ અધિકાર ચાલતો નથી, છતાં લૉર્ડ હાર્ડિંજની સરકારના આગ્રહથી દક્ષિણ આફ્રિકાની સરકાર તરફથી કંઈક ઇન્સાફ મળી શકયો હતો તે ધ્યાનમાં લેતાં, ફરી ફરીને યત્નો કરવાથી અને મહારાજાધિરાજના મંત્રી મંડળની સહાયતાનું બળ સંપાદન કરીને, આપણે આપણા વાજબી હકો મેળવવા યત્નશીલ થવું જોઇએ; અને તે માટે આપણને મદદ કરવા તે મંત્રીમંડળને આપણે દસમા ઠરાવમાં વિનંતિ કરી છે. આ પછી તેરમા ઠરાવમાં સંસ્થાનો માટે લઈ જવાતા આપણા દેશના મજુરો જેમને ગીરમીટીઆ મજુરો તરીકે આપણે ઓળખીએ છીએ તેમની સ્થિતિની હાલમાં જે તપાસ થઈ છે તે ઉપરથી ગીરમીટની રીતજ બંધ કરવી જોઇએ અને તે જેમ બને તેમ જલદીથી બંધ કરવી જોઇએ એવા અભિપ્રાય ઉપર આપણે આવ્યા છીએ એ વાત જે ગઈ કોન્ગ્રેસમાં આપણે પ્રકટ કરી હતી તેનું પુનરાવર્તન કર્યું છે. આ બાબતનો તે પછીનો ઠરાવ આ બન્નેનાથી વધારે અગત્યનો છે. ગયા વર્ષમાં દિલ્લીની ઇમ્પિરિયલ ધારાસભામાં આપણા તરફથી એવી ઇચ્છા બતાવવામાં આવી હતી કે વિલાયત સરકાર વખતો વખત જે સામ્રાજ્યસભા ભરે છે તેમાં હિંદુસ્થાનને સ્થાન આપવું. આપણી આ ઇચ્છાને લૉર્ડ હાર્ડિંજની રાષ્ટ્રકાર્યકુશળ રાજ્યનીતિએ વધાવી લીધી હતી અને દિલ્લીની સરકારે આપણી એ માગણીને ટેકો આપી વિલાયત સરકારને તે સ્વીકારવાની ભલામણ પણ કરી હતી. તે બાબતમાં લૉર્ડ હાર્ડિંજનો આભાર આ ઠરાવમાં દર્શાવ્યો હતો અને તેની સામે એમ પણ ઉમેર્યું હતું કે સામ્રાજ્યસભામાં હિન્દુસ્થાન તરફથી જે પ્રતિનિધિઓ મોકલવામાં આવે તેમાંના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓ દિલ્લીની ધારાસભાના લોકનિયુક્ત સભાસદોની પસંદગીના જોઇએ. આ ઉમેરો ઘણો અગત્યનો છે એ કહેવાની જરૂર નથી. કારણ કે હિન્દુસ્થાન એમ માને છે કે આપણાં દુઃખની અને તે દુઃખના ખરા ઉપાયની આપણા પસંદ કરેલા પ્રતિનિધિઓને જેવી માહીતી હોય તેવી બીજા કોઇને હોવાનો સંભવ નથી, એટલુંજ નહિ પણ, જે કાળજી અને નિષ્ઠાથી તેવા સભાસદો આપણી વાત તે સભામાં રજુ કરે તેનાથી વધારે સંતોષકારક રીતે તે વાત બીજા કોઇને હાથે મૂકાય એવો પણ સંભવ ઓછો છે. આ વાત ઉપર આપણે હમેશાં

આપણી સરકારનું ધ્યાન દોરવાનો જરાક અપ્રિય પણ અનિવાર્ય ધર્મ આપણને પ્રાપ્ત થયો છે અને તે ધર્મને અનુસરીને થયેલી કોન્ગ્રેસની આ માગણી દિલ્લીની તેમજ વિલાયતની સરકાર તેમજ તે સામ્રાજ્યસભા પણ ધ્યાનમાં લેશે એવી આપણી ઉમેદ છે.

હવે આપણે રાજ્ય રચનાના સુધારા સંબંધી આ કૉન્ગ્રેસમાં જે ઠરાવો થયા હતા તે ઉપર આવીએ. આમાં સર્વથી વિશેષ અગત્યનો ઠરાવ તે ઓગણીસમો છે. આ ઠરાવની પાછળ થોડોક ઇતિહાસ છે તેનું જરાક સ્મરણ કરવાથી તેના સ્વરૂપની આપણને બરાબર સમજણ પડશે. હિન્દુસ્થાનને સ્વરાજ્ય જોઇએ છે એ વાત ઉપર કોન્ગ્રેસ ઘણાં વર્ષથી ભાર મૂકતી આવી છે અને વખતો વખત તે સંબંધી નાના પ્રકારની સૂચનાઓ કૉન્ગ્રેસ તરફથી પ્રકટ કરવામાં આવી છે. સને ૧૯૦૬ નું લો. દાદાભાઈ નવરોજીનું ભાષણ તે બાબતના આપણા વિચારો અને તે સંબંધી આપણી દલીલો અને આપણા આધારોના સંગ્રહસ્થાન જેવું છે. હિન્દુસ્થાનને એવી ખાત્રી થઈ છે કે આપણી

રાજ્ય રચનામાં જોઇતા સુધારાઓ ઠરાવ. ૧૯-૧૨-૧૪-૧૫ ૧૭-૧૮-૨૦ ૨૨-૧૬ ૨૧.

રાજ્ય રચના જ્યાં સુધી આ ધોરણ ઉપર નહિ બંધાય ત્યાં સુધી આપણા દેશના વિકટ પ્રશ્નોનું સમાધાન કદી પણ થવાનું નથી, એટલુંજ નહિ પણ સુરાજ્ય કરતાં સ્વરાજ્ય સારૂં છે એવો લિબરલ સંપ્રદાયનો મહામંત્ર હિન્દુસ્થાનના હિત ચિંતકોએ સ્વીકાર્યો છે અને તેને અનુસરીને અનેક સુધારાઓ કરવાનું આપણે વખતો વખત સૂચવતા આવીએ છીએ. છતાં આ વર્ષે આ ઠરાવ રજુ કરવામાં સંબંધમાં કેટલુંક વિચારવા જેવું હતું. યુરોપિયન વિગ્રહના કારણથી સામ્રાજ્ય અત્યારે એવી તો મહા ચિંતામાં પડી ગયું છે કે તે વખતે સામ્રાજ્યના કાર્ય વાહકોને કોઇપણ પ્રકારની આંતર્વ્યવસ્થા સંબંધી વિવાદ-વિખવાદ-વાળી ચર્ચામાં ઉતારવા એ વાજબી નથી એ સિદ્ધાન્ત એક તરફથી કૉન્ગ્રેસના અગ્રેસરોએ સ્વીકાર્યો હતો. બીજી તરફથી સામ્રાજ્યના બીજા ભાગોએ રાજ્ય રચનાના ગંભીર સવાલો પોતપોતામાં ચર્ચવા શરૂ કર્યા હતા અને એવું નિર્વિવાદ મનાવા માંડ્યું હતું કે વર્તમાનમાં ચાલતા મહા વિગ્રહનો અંત આવ્યા પછી તરતજ સામ્રાજ્યતંત્રની રચના સંબંધે અગત્યના સવાલો ઉત્પન્ન થશે અને તે વખતે હિન્દુસ્થાનને માટે શી યોજના કરવી તે પણ વિચારમાં લેવાશે. એમ સમજો કે કદાચિત્ તે ખરું ન હોય તો પણ સ્થિતિ એવી છે કે આપણી અભિલાષાઓ અને આપણો નિશ્ચય આપણે બ્રિટિશ પ્રજા પાસે તે વખતે મૂકવો તો જોઇએજ-જો મૂકીએ તો વિચાર કરવાનો પ્રસંગ પણ લેવાય; પણ આપણેજ કાંઈ બોલીએ નહિ તો આપણે માટે પોતાના મનથી તો કોણ વિચાર કરનાર હતું ? આવાં આવાં કારણોથી આ સાલમાં સ્વરાજ્યનો સવાલ મોખરે લાવવાના આગ્રહવાળો એક પક્ષ કૉન્ગ્રેસમાં ઉભો થઈ ચૂકયો હતો અને તે પક્ષનો કોન્ગ્રેસના સંચાલકો કેવો સત્કાર કરે છે તે જોવા માટે આખું હિંદ એકે પગે થઈ રહ્યું હતું. એકતરફથી સુરતના ભંગ પછી આપણાથી જુદા પડેલા દક્ષિણના ઉદ્દામ પક્ષે પૂનામાં એક સંમેલન ભરી હોમ-રૂલના સવાલને આગળ ધર્યો હતો, બીજી તરફ મિસિસ બિસેન્ટ બાઈએ હિંદુ અને મુસલમાનો એ બન્નેને એક વાદપીઠ ઉપર એકઠા કરવા માટે કોન્ગ્રેસ અને મોસ્લેમ લીગના અગ્રેસરોની સંમતિથી મોટા પાયા ઉપર સ્વરાજ્ય-સંઘ સ્થાપવાની ઉત્સુકતા બતાવી હતી; અને આ બન્ને યત્નોને વધાવી લેવા કહો તો વધાવી લેવા અથવા બીજી રીતે કહીએ તો તે સંસ્થાઓને જવાબદારીના ભારમાં લાવીને નિયમિત કરવા, દિલ્લીની ધારાસભામાં પણ તે વિષયે ચર્ચા ઉઠાવવામાં આવી હતી. આવી રીતે સ્વરાજ્યનાં મોજાંઓથી આપણું રાજ્યકીય વાતાવરણ છવાઈ રહ્યું હતું તે વખત કોન્ગ્રેસ કંઈ કરે છે કે નહિ તે જોવા સર્વ ઉત્સુક થાય એ સ્વાભાવિક હતું. બીજી તરફથી મિસિસ બિસેન્ટે કોન્ગ્રેસની બેઠક મળતાં પહેલાં ઑલ ઇન્ડિયા કોન્ગ્રેસ કમિટિના અને મુસ્લીમ લીગના સભાસદોની એક સંયુક્ત

બેઠક ચીનાબાગમાં બોલાવી હતી અને તે શા ઠરાવ ઉપર આવે છે તે જોવાની પણ સંપૂર્ણ ઈંતેજારી હતી. એમ પણ મનાતું હતું કે જો મિસિસ બિસેન્ટ સ્વરાજ્યસંઘ સ્થાપવાના નિશ્ચય ઉપર આવશે તો કોન્ગ્રેસના ઉપર દબાણ કરીને પણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરવા મિસિસ બિસેન્ટ અને તેણીના મિત્રો ઉત્સાહી પ્રયત્ન કરશે. બધાના મનમાં એમ પણ હતું કે મુંબઈ અતિશય વિનીત સંપ્રદાયનું હોવાથી મુંબઈના અગ્રણીઓ સ્વરાજ્યના ઠરાવની સામે પડશે અને વખતે સુરતના જેવો મહાન્ મતભેદનો પ્રસંગ આવશે. વળી આપણા મુસલમાન દેશબાન્ધવો આવા કોઈ ફંદમાં ફસાય નહિ તે માટે પણ ઘણા પ્રયત્નો થઈ રહ્યા હતા અને કોઈ પણ રીતે તે લીગ અને કોન્ગ્રેસની વચ્ચે એકદીલી થતી અટકાવવી એ નિશ્ચયથી ઘણી વગદાર તજવીજ ચાલી રહી હતી. પરંતુ કોન્ગ્રેસની બેઠક પહેલાં મળેલી મિસિસ બેસાન્ટ વાળી સભા કાંઇપણ નિશ્ચય ઉપર આવ્યા વિના વિખરાઈ ગઇ. મોસ્લેમ લીગને મળવાને હજીવાર હતી. અને એમાં કુસંપ થતો અટકાવવા માટે નામદાર ગવર્નરની સરદારી નીચે બન્ને પક્ષના મુસલમાન આગેવાનો સમાધાન ઉપર આવી ગયા હતા. એટલે સ્વરાજ્યના સવાલનું ભવિષ્ય સર સત્યેન્દ્રની આત્મીયતા ઉપરજ આવીને ટકી રહ્યું હતું.

સર સત્યેન્દ્રે પોતાના સરદારી સ્વ–રાજ્યનાં સવાલને કૉન્ગ્રેસના કાર્યક્રમમા મોખરે મૂકીને કૃતકૃત્ય કરી. ભાષણની શરુઆતમાંજ શિષ્ટાચાર પૂરો કર્યા પછી તરત "આપણું સાધ્ય શું ? સ્વરાજ્ય" એ મથાળું દૃષ્ટિએ પડતાંજ પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોના હૃદયમાં માંગલિક ઊર્મિઓ ઉભરાવા લાગી અને જે વખતે પોતાના ભાષણના તે ભાગ ઉપર તેઓ આવ્યા તે વખતે અક્ષય્ય હર્ષનાદથી ચારે ખુણે ખીચોખીચ ભરાયલા સભામંડપે એમની સરદારીને વધાવી લીધી. સર સત્યેન્દ્રે પણ આ પ્રકરણ ઉપર આવતાં અસાધારણ ગંભીરતા, અનિવાર્ય નિશ્ચય, અને અનુપમ આત્મબુદ્ધિનો અંગીકાર કર્યો હતો અને જેમ જેમ ધીર ગંભીર અને હૃદયંગમ સ્વરથી આ પ્રકરણનાં અંગોનો એક પછી એક પ્રાદુર્ભાવ થતો જતો હતો તેમ તેમ સભામંડપમાં પણ ધીરજ ગંભીરતા અને આત્મપરીક્ષાનું અને આત્મબલની પરમ અપેક્ષાના સંપૂર્ણ ભાનનું, કંઇક ચિંતામગ્ન વાતાવરણ જામતું જતું હતું; છતાં તે વાતાવરણ સમસ્ત હિંદના સંયુક્ત બુદ્ધિબળના તેજથી પ્રકાશતું હતું અને હિંદની પ્રજાના વિચારવંત અંગોમાં ઉત્પન્ન થયેલા નિશ્ચયના બળથી ભરાતું જતું હતું. એટલે, તે ઊંડી આત્મપરીક્ષા અને આત્મબળની અપેક્ષાના સાક્ષાત્કારના પરિણામમાં, મોહ, અંધકાર અને મંદતા, એક શબ્દમાં કહીએ તો નિર્જીવતા ન આવતાં, ધીર ગંભીર અને તેજસ્વી ઉત્સાહનો વિપુલ પ્રવાહ સભાસદો અને પ્રેક્ષકોના હૃદયમાં પ્રકટ થયો હતો. અને જ્યારે કૉન્ગ્રેસની આંતરસભામાં રિસેપ્શન કમિટિએ ઘડેલો સ્વરાજ્યનો સવાલ વિચાર માટે રજુ થયો તે વખતે સર સત્યેન્દ્રે પ્રકટ કરેલા પ્રકાશિત ઉત્સાહ અને ધૈર્યાન્વિત તેજનો પ્રવાહે તે ઠરાવના સ્વરુપનો નિર્ણય કર્યો. અને સુરેન્દ્રનાથ બેનરજી મિસિસ એની બિસેન્ટ પંડિત મદન મોહન માલવીય અને મિ. વાચ્છા એ વગેરે કૉન્ગ્રેસના સર્વે પક્ષના અગ્રણીઓના જુદી જુદી કક્ષાના વિચારોને એક પંક્તિમાં લાવી સર્વેની સંપૂર્ણ સંમતિ પામેલો ઠરાવ ઓગણીસમા ઠરાવ રૂપે રજુ થયો. આ ઠરાવને અંગે કૉન્ગ્રેસમાં થયેલાં ભાષણો કોન્ગ્રેસના સંવાદપીઠ ઉપર થયેલાં સર્વ ભાષણોમાં પહેલી પંક્તિમાં મૂકવા લાયક છે. જે વખતે સુરેન્દ્રનાથ અને મિસિસ એનિ બિસેન્ટનું અનુપમ વકતૃત્વ કૉન્ગ્રેસના સભા મંડપમાં ગાજી રહ્યું હતું તે વખતે દેવતાઓ અને દેવપત્નીઓ સ્વર્ગની મજા છોડી મૃત્યુલોકમાં ચાલી રહેલા આ વાણીવિલાસનું શ્રવણ કરવા ઉતરી આવ્યાં હોય તેવો દેખાવ થઈ રહ્યો હતો. આ ઠરાવમાં હિન્દુસ્થાનને શું જોઈએ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે; તે આપવાનું વિના વિલંબે શરુ કરવાની સરકાર પાસે માગણી કરી છે. અને તે માટે એક સંપૂર્ણ યોજના તૈયાર કરવા ઑલ ઇન્ડિયા કૉન્ગ્રેસ કમિટિને આજ્ઞા કરી છે. એ આખો ઠરાવ આપ્રમાણે છેઃ—

ઠરાવ ૧૮ મો—આ કૉન્ગ્રેસનો એવો અભિપ્રાય છે કે કોન્ગ્રેસના બંધારણુની પહેલી કલમમ ગુઠરર કરેલા સ્વરાજ્યની પ્રાપ્તિને માટેઃ—

(૧) ઉપજ ખરચ સંબંધી સ્વતંત્રતા સાથે પ્રાન્તિક સરકારોને સ્વાશ્રથી કરવી;

(૨) આપણી ધારાસભાઓમાં લોકના બધા વિભાગોની સાચી અને યથાસ્થિત પ્રતિનિધિ રૂપ બનાવનારા અને તેમને સરકારના કાર્યભારી ખાતાનાં કૃત્યો ઉપર અસરકારક અંકુશ રાખી શકે તેવી સત્તા આપનારા સુધારા વધારા કરવા;

(૩) અત્યારે અસ્તિત્વ ધરાવતી જુદી જુદી કાર્યભારી સભાઓને પુનર્ઘટના કરવી અને જ્યાં તે ન હોય ત્યા તેની સ્થાપના કરવી;

(૪) સેક્રેટરિ ઑફ સ્ટેટની સભાને કહાડી નાખવી અથવા સુધારવી;

(૫) જે પ્રાન્તોમાં હાલ ધારાસભાઓ નથી ત્યાં ધારાસભાઓ સ્થાપવી;

(૬) સેક્રેટરિ ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિયા અને ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા વચ્ચેના સંબંધની પુન ર્ઘટના કરવી;

(૭) અંને ઉદાર પ્રમાણમાં સ્વરાજ્યની બક્ષિસ કરવી,

વગેરે દેશના રાજ્યતંત્રઉપર લોકને અસરકારક અંકુશ રાખવાની સત્તા સિદ્ધ થાય એવી રીતે રાજ્યતંત્રને સુધારવાનાં અને બંધનમુક્ત કરવાનાં બીજાં સંગીન પગલાંઓ ભરવાનો વખત હવે આવી પહોચ્યો છેઃ—"

પછી આ ઠરાવને માટે એક સવિસ્તર યોજના ઘડવા અને કોન્ગ્રેસનું કામ અવિચ્છિન્ન પ્રવાહથી ચાલૂ રાખવા ઑલ ઇન્ડિયા કમિટિને સત્તા આપવામાં આવી છે અને આ બાબતમા મોસ્લેમ લીગ તરફથી જો કોઈ કમિટિ નિમાય તો તેની સાથે મસલત કરી પોતાનો રિપોર્ટ તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૧૬ સુધીમાં પ્રસિદ્ધ કરવાની તે કમિટિને સૂચના કરવામાં આવી છેઃ—આ ઠરાવ ખરી રીતે Government of the People by the People and for the People, લોકનું રાજ્ય, લોકને હાથે, અને લોકના હિતમાં, હોવું જોઇએ, એ લિન્કનનું સૂત્ર જેનું સર સત્યેન્દ્રે પોતાના આદ્યનિવેદનમાં સ્મરણ કરાવ્યું હતું તેના હિન્દુસ્થાનના સંયોગોને અનુકૂલ થાય પ્રતિબિંબ રૂપ હતો, અને એને અગત્યનું સ્થાન આપીને કૉંગ્રેસે દેશના ઉત્સાહને સાર્થક અને સન્માર્ગગામી કર્યો એમ સર્વ પક્ષને—ઍંગ્લોઇન્ડિયન પક્ષાને પણ–કબુલ કર્યા વિના ચાલ્યું નથી.

આ સિવાયના આ પ્રકરણના બીજા ઠરાવો વર્તમાન રાજ્ય વ્યવહારના સુધારા સંબંધના છે. બારમા ઠરાવમાં સંયુક્ત પ્રાન્તોને એક ગવર્નર અને કાર્યભારી સભાના હાથમાંમૂકવાની માંગણી છે. આ ઠરાવનો કાર્યભારી સભા સ્થાપવાનો અંશ ઇન્ડિયા સરકાર સ્વીકાર્યો છે, અને સેક્રેટરી ઑફ સ્ટેટે અને પ્રધાન મંડળે પણ સ્વીકાર્યો છે. અને તે બાબત ઠરાવ પણ થઈ ચૂકયો છે છતાં તેનો અમલ ઉમરાવોની સભાએ અટકાવ્યો છે અને તે સામે આપણે આપણો વાંદો દર્શાવ્યો છે. આ વાંધો યુદ્ધમાંથી નિવૃત્ત થયા પછી વધારે બળથી રજુ કરવો પડશે, નહિ તો ઉમરાવોની સભા એક એવું મંડળ છે કે જે હિંદુસ્થાનમાં લિબરલ સંપ્રદાયનાં પગલાં કદી પણ ભરવા દેશે નહિ. ચૌદમો ઠરાવ કાર્યભાર ખાતું અને ન્યાય ખાતું જુદું કરવાનો છે. આ એક ઘણી જુની માગણી છે અને તે સ્વીકારાતી નથી એ નવાઈ જેવું લાગે છે. પદરમો ઠરાવ પંજાબ અને બીજા પ્રાંતો માટે હાઇકોર્ટ સ્થાપવાનો છે. લોક હાઇકોર્ટને પોતાના હકકોની એક મોટી ઢાલ માને છે પણ હમણાંની રાજ્ય નીતિ સરકારને હાઇકોર્ટના એટલે ન્યાયના અંકુશથી મુક્ત કરવાની છે તેથી તે રાજ્ય નીતિ સફલ થાય તો પણ હોઇ કોર્ટનો ઉપયોગ બહુજ ઓછો થતો જવાનો ભય છે. ૧૭ મો ઠરાવ છાપખાનાની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકવાના કાયદાની

સામે વાંધો બતાવનાર અને તે કાયદાને રદ્દ કરવાની માંગણીનો છે. સરકાર આ માંગણી સ્વીકારતી નથી એટલુ નહિ પણ હમણાં હમણામાં તેનો અમલ સખ્તાઈથી કરવા માંડયો છે અને આ પત્ર પ્રસિદ્ધ થાય છે તે વખતે આખું હિંદ એ કાયદાની સામે ખળભળી ઉઠયું છે. આ સંબંધમાં ઘણા શ્રમની અને અવિચ્છિન્ન પ્રયાસની જરૂર છે અને કોન્ગ્રેસની આ વર્ષની બેઠકમાં તે બાબત બહુજ વેગથી ચર્ચાશે એવો સંભવ છે. વીસમો ઠરાવ આપણા દેશમાં ચાલતી જકાત વગેરેની નીતિના સંબંધમાં છે. અત્યારે આ બાબતનું આપણા દેશનું ધોરણ ઇંગ્લંડના લાભાલાભ ઉપર રચાય છે તેને બદલે હિન્દના લાભાલાભનાજ ધોરણ ઉપર તે નીતિ ઘડવાની સત્તા હિન્દની સરકારને આપવાની તેમાં ભલામણ છે. આ સવાલ પણ અત્યંત મહત્ત્વનો છે. ઇંગ્લિંડના ચાલતા લાભને જરાપણ હાનિ કરે તેવું કાંઈ પણ કૃત્ય આ દેશને ગમે તેવું નુકસાન થતું હોય તોપણ આપણી સરકારથી બની ન શકે એવી અત્યારની આપણી સ્થિતિ છે. સુતરાઉ કાપડ ઉપરની જકાત લેન્કેશિયરના કપાસના ધંધાધારીઓના હિતને માટેજ છે એ નિર્વિવાદ છે, સરકાર પણ કબુલ કરે છે, લોક એને માટે રાબગાવાની એક પણ તક ચૂકતું નથી છતાં લેન્કેશિયર નારાજ થાય તેવા ભયથી વિલાયતની સરકાર તે અન્યાય દૂર કરવાની ના કહે છે અને તે સામે આ ઠરાવમાં આપણો પોકાર છે. આપણે આ બધી બાબતમાં અત્યારે તો વાતોજ કરવાની છે કારણ કે કોઈપિણ તરેહની બલિષ્ટ હીલચાલ અત્યારે ન કરવી એવો એક આપણો ગ્રહ છે. પણ યુદ્ધમાંથી નિવૃત્ત થયા પછી આ સવાલ પણ આપણે સંપૂર્ણ આગ્રહથી હાથ ધરવો પડશે એ નિર્વિવાદ છે.

હિન્દના વિદ્યાર્થીઓની બ્રીટનમાં થતી અવસ્થા. સ્વદેશી વ્રત અને ઔદ્યોગિક વિલાસ ઠરાવ. ૨૨. ૧૬. ૨૧.

બાવીસમો ઠરાવ હિન્દુસ્થાનના બ્રિટનમાં રહેતા વિદ્યાર્થીઓના સંબંધમાં હાલ જે ખાતું કહાડયું છે તે સંબંધમાં આપણી નાપસંદગી બતાવનારો છે. આ ખાતું તદ્દન નિરુપયોગી છે અને આપણી જે ફરિયાદો છે તેના સંબંધમાં તે કંઈ કરી શકતું નથી એમ છતાં એક મોટું ખરચ બાંધવામાં આવ્યું છે. ત્યાંની કેળવણીની સંસ્થાઓ હાલમાં હિન્દુસ્થાનના વિદ્યાર્થીઓને દાખલ કરવાની વિરુદ્ધ છે અને એ વિરોધના સામાં પગલાં ભરવાની ખરેખરી જરૂર છે. આ ઠરાવમાં સેક્રેટરિ ઑફ સ્ટેટને પોતાની લાગવગ અધિકાર અને સત્તાનો ઉપયોગ કરીને તે સંબંધમાં સ્વદેશી પરદેશીનો ભેદ ન રાખવાની અને અહીથી નાણાં ખરચીને અમૂલ્ય વયસંધિના વખતમાં જતા જુવાનોની મુસાફરીઓને સફળ કરવાના પગલાં ભરવાની વિનંતિ કરી છે. સોળમો અને એકવીસમો ઠરાવ ' સ્વદેશી ' હીલચાલના સંબંધમાં છે. સ્વદેશી હીલચાલને ઠરાવ સર્વેના જાણવામાં છે. હિન્દુસ્થાનના બધા ભાગોમાં એ સંબંધી થોડી ઘડી પણ તીવતા છે પણ દીલગીરીની સાથે કહેવું પડે છે કે મુંબઈનું લોક એ બાબતમાં ઉદાસીન છે. મુંબઇનો આખો આધાર પરદેશ સાથેના વેપાર ઉપર છે એ વાત ધ્યાનમાં લેતાં તે સ્વાભાવિક છે છતાં બીજી બાજુનું વલણ લેવાનો આજકાલ ખરો વખત છે એ મુંબઇએ પણ ધ્યાનમાં લેવું જોઇએ. જે માલ જરાક શ્રમથી અને થોડાક આત્મભોગથી આપણા દેશમાં ઉપજાવી શકાય તેવા માલને માટે કરોડો રુપીયા પરદેશ મોકલવાથી આપણા દેશને મોટી હાનિ છે એ વાત સમજવામાં નથી આવતી એ બહુ નવાઈ જેવું છે. મુંબઇમાં સ્વરાજ્ય-સંઘ કરતાં સ્વદેશી–સંઘની વધારે જરૂર છે. સ્વરાજ્ય આપવું એ પરપ્રજાના હાથમાં છે. સ્વદેશીવ્રત સાધીને સ્વદેશને આબાદ કરવો એ આપણા પોતાના હાથની વાત છે. બેશક ઔદ્યોગિક ઉત્સાહ વધવા માટે ઘણી દિશામાં ઘણી સામગ્રીની જરુર છે અને તે મનમાનતી ન હોય ત્યાં સુધી સ્વદેશી વ્રતની સફળતા પણ પૂરેપૂરી થતી નથી. અને આ વાત ધ્યાનમાં લઇને ઔદ્યોગિક વિકાસને માટે જે પગલાં ભરવાની જરુર છે તે ૨૧ મા ઠરાવમાં કોન્ગ્રેસે બતાવ્યું છે. આ ઠરાવમાં ઔદ્યોગિક કેળવણીને માટે

વધારે ખર્ચ કરવાની અને પ્રાથમિક કેળવણીમાં પ્રાથમિક અને ઔદ્યોગિક શિક્ષણક્રમ દાખલ કરવાની, આમદાની અને રવાનગી માલ ઉપર યોગ્ય લાગે તે રીતે જકાત નાંખવાની સરકારને સંપૂર્ણ સત્તા આપવાની, નવા ઉદ્યોગો દાખલ કરવાની બાબતમાં યોગ્ય પગલાં ભરવાના કામમાં જોઈતી મદદ આપવા સારૂ પ્રાંતે પ્રાંતે ઔદ્યોગિક સલાહ આપનારી કમિટિઓ નીમવાની, અને સુતરાઉ કાપડ ઉપરની જકાત, રેલવેના દર અન્યાયી દર વગેરે સ્વદેશી ઉદ્યોગના વિકાસને બાધક થતાં હોય તેવા પગલાં દૂર કરવાની જરુર બતાવી છે. આ ઠરાવ પણ દેશના હિતને માટે અત્યંત જરુરનો છે એ વાત કહેવાની જરુર નથી.

આ સિવાયના બાકીના ઠરાવોમાં કોન્ગ્રેસના બંધારણના સુધારાનો ઠરાવ કંઈક અગત્યનો છે. સુરતના ભંગ પછી કોન્ગ્રેસમાંથી નીકળી ગયેલા આપણા સ્વદેશબન્ધુઓને પાછા કોન્ગ્રેસમાં આવવા સારુ એક નવું દ્વાર ઉઘાડવાનો તે ઠરાવ છે. આ ઠરાવ આપણા તે બંધુઓએ સ્વીકાર્યો છે એ ખુશીની વાત છે અને એવી ઉમેદ છે કે લકનૌની કોન્ગ્રેસમાં બન્ને પક્ષો હળી મળીને કોન્ગ્રેસનું નાવ આગળ ધપાવશે અને આપણા દેશમાંથી ઘણા કાલથી રીસાઈ ગયેલા સંપદેવને પુનઃ પધરાવી દેશ કાર્યમાં સંયુક્ત બળનો ઉપયોગ કરી દેશનાં દુઃખ ટાળવાના અવિરત ઉદ્યોગો આદરશે. દેશનું હિત દેશનાજ હાથમા છે એ વાત હમેશાં ખરી છે, પણ આજ કાલના દેશકાલમાં આપણે માટે વિશેષે કરીને ખરી છે અને એ વાતનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરવાની સર્વને વિનંતિ છે.

આ પત્રિકા પ્રસિદ્ધ થતી વખતે એકત્રીસમી કોન્ગ્રેસની તૈયારીઓના સમાચાર આવવા માંડ્યા છે. ન્યુ ઇન્ડિયા પાસે જામીનગીરીની રકમ માગવાથી છાપખાનાની સ્વતંત્રતાના સંબંધમાં જે મોટો ખળભળાટ ઉભો થયો છે તેને પણ આવતી કોન્ગ્રેસે કાંઈ વ્યાવહારિક રૂપમાં ઉતારવો પડશે. ગવર્ન્‌મેન્ટ આફ ઇન્ડિયા કાનસૉલિડેશન એકટમાં સેક્રેટરિ આફ સ્ટેટ વિ, મોમેન્ટના કેસમાં પ્રિવિકાઉન્સિલે કરેલા ઠરાવમાં જે કાયદાઓ ગેરશીરસ્તે ઠરાવ્યા છે તેવા કાયદાઓ રચીને હાઇકોર્ટના અધિકારમાંથી નીકળી જવાની ઇન્ડિયા સરકારને સત્તા આપવાનો જે પ્રયત્ન થાય છે તે પ્રયત્નની સામે ગંભીર ઉપાયો લેવાની ફરજ પણ આવતી કોન્ગ્રેના ઉપર આવી પડશે. સપ્ટેમ્બર માસ સુધીમાં સ્વરાજ્યની યોજના તૈયાર થઈ ગઈ હશે અને તેના ઉપર ચર્ચા કરી છેવટની યોજના તૈયાર કરી સંયુક્ત હિંદને નામે પ્રકટ કરવાની અને તે યોજના સિદ્ધ કરવાને જોઈતાં પગલાં ભરવાનો ઉપક્રમ કરવાની પણ યોજના કરવી પડશે. લકનૌની એકત્રીસમી કોન્ગ્રેસ કોન્ગ્રેસના ઇતિહાસમાં બહુ અગત્યની કોન્ગ્રેસ થશે. મુંબઈની ત્રીસમી કોન્ગ્રેસમાં વવાયલાં બીજને પોષણ આપી ઉછેરવાનું જે મોટું આ પણને પ્રાપ્ત થયું છે તેનો સાંગોપાંગ નિર્વાહ કરવા માટે દેશમાં શ્રદ્ધા ઉત્સાહ અને ઉદ્યોગનો વરસાદ વરસાવો, એવી સર્વ કલ્યાણના નિધાન પરમકારુણિક પરમાત્મા પ્રતિ અંતઃકરણની પ્રાર્થના છે.

આ અગત્યનું ભાષણ મુંબઈની ડિસ્ટ્રીક્ટ કોન્ગ્રેસ કમિટિએ તરફથી ત્રણ ભાષાઓમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ કમિટિઓના સંચાલકોને સમજાયું છે કે આપણા દેશના વર્તમાન રાજ્યતંત્રનું અને તે તંત્રના સંબંધમાં આપણને વખતો વખત જે જે વક્તવ્ય પ્રાપ્ત થાય છે તે સંબંધી ઊંડું જ્ઞાન આપણા જનસમાજમાં ફેલાવવાની પૂરી જરુર છે અને તે સારુ સ્વદેશી ભાષાઓમાં મુંબઈમાં મરાઠી ગુજરાતી અને હિન્દીમાં, આપણા દેશના મહાન્ પ્રશ્નો ઉકેલવામાં સહાયભૂત થાય તેવાં આપણા નેતાઓનાં ભાષણો અને લેખોનાં ભાષાંતરો કરાવી, તેમજ અગત્યના વિષયો ઉપર સ્વતંત્ર લેખો લખાવીને પ્રસિદ્ધ કરવાનો ઠરાવ કર્યો છે. તે ઠરાવની રૂએ સર સત્યેન્દ્રના ભાષણનું આ ગુજરાતી ભાષાન્તર છપાવ્યું છે, અને તેજ પ્રમાણે આ કમિટિઓએ સ્વદેશી ભાષામાં કોન્ગ્રેસને લગતા બીજા વિષયોની પણ એક પત્રમાળા પ્રકટ કરવાનો નિશ્ચય કર્યો છે. આશા છે કે મુંબઈની ઉત્સાહી પ્રજા તેને યોગ્ય મદદ આપી કમિટિઓના આ કાર્યને સર્વ પ્રકારે ઉત્તેજન આપશે.

ત્રીસમી રાષ્ટ્રીય સભાનાં અધ્યક્ષ

સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહનું

મુંબઈમાં તા. ૨૭ મી ડિસેમ્બર ૧૯૧૫ ને રોજ થયેલું

મુખ્ય નિવેદન.

પ્રતિનિધિ બંધુઓ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,

આપે મને જે શ્રેષ્ઠ અને માનવંતી પદવી માટે પસંદ કર્યો છે તેને માટે હું આપનો સર્વનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું. આ પદવી હાલ ખાસ કરીને જવાબદારી ભરેલી છે કારણકે આ વર્ષે હીંદ પ્રજાકીય કોંગ્રેસનો વાર્ષિક સંદેશો નિવેદન કરવાનું કામ ખાસ મુશ્કેલીઓથી ઘેરાએલું છે. તમામ સુધરેલી દુનીઆની અંદર પ્રસરેલા રાક્ષસી યુદ્ધથી જે વાતાવરણ પેદા કરવામાં આવ્યું છે તે આપણા ઘણા વિષયો અને બારીક પ્રજાકીય સવાલોનો શાન્તિથી અને નિષ્પક્ષપાત વિચાર કરવામાં મદદગાર થઈ પડતું નથી. અને વળી થોડા માસના અંતરે ગોપાળ કૃષ્ણ ગોખલે, સર ફીરોજશાહ મેહેતા અને સર હેનરી કોટન, જેઓ આપણા માનીતા અને દૂરદર્શી આગેવાનો હતા, જેમાની સલાહ આપણને આજે અમૂલ્ય થઈ પડી હોત અને જેમની ખોટ માટે આપણે અતિશય વિલાપ કરીએ છઇએ, તેઓ મૃત્યુના પંજામા સપડાઇ ગયાથી મારૂં કામ વધારે દુષ્કર બન્યું છે.

આ કામ મારાં કરતાં કોઈ વધારે કુશળ ગૃહસ્થને સોંપવામા આવ્યું હોત તો ઘણું સારૂં થાત એમ મારૂં માનવું છે. હું આ કામનો ઘણી ખુશીથી ત્યાગ કરત અને જેમ ભૂત કાળમાં કોંગ્રેસના એક નમ્ર સેવક તરીકે હું કામ કરતો હતો તેમ ભવિષ્યમાં પણ તેવોજ રહ્યો હોત તો વધારે ખુશી થાત.

આપ જાણો છો કે થોડા વર્ષ ઉપર નામદાર વાઇસરાયની કાર્યભારી કાઉન્સીલનો પેહેલા હીંદી સભાસદ તરીકેનો જે ઉચ્ચો ઓદ્ધો મને એનાયત કરવામાં આવ્યો હતો તે હું શોધવા નીકળ્યો ન હતો તેમ હાલની પદવી પણ હું શોધવા નીકળ્યો ન હતો. આ મારા બોલવાનો અનર્થ કરવામાં નહીં આવે એવી મારી ખાસ અરજ છે. કારણ કે પ્રશંસા કરવાના હેતુથી હું આ બોલતો નથી પણ નમ્રતા પૂર્વકજ બોલુંછું. ના. વાઇસરાયની ધારાસભાના સભાસદ તરીકે થયેલી મારી નીમણૂક કાંઈ મારી અસાધારણ અંગત લાયકાતને આભારી નહતી તેમ હું સારી પેઠે સમજુંછુંજ. હીંદી પ્રજાના પ્રતિનિધિ તરીકે પા સદી કરતાં પણ વધારે મુદતથી હિંદી પ્રજાકીય કોંગ્રેસ તરફથી જે હકોની માંગણી કરવામાં આવી છે તેના ન્યાયીપણાની તથા મધ્યમપણાની કદરમાંજ આ માન મળ્યું છે. મને તે અંગત રીતે મળ્યું નથી તે જેવું સારી રીતે હું સમજું છું તેવું બીજું કોઇપિણ સમજતું નહી હશે.

જેમ મેકોલે અને મેઇન જેવા મહાન પુરૂષોની ખુરશી ઉપર બેસવાની મેં કદીપણ અભિલાષા કરી ન હતી, તેમ આપણી માતૃભુમિના હિતાર્થે ઘણાજ ખંતથી કામ કરનારા ગૃહસ્થોના સંગથી પવિત્ર થયેલી આ ખુરશી ઉપર બેસવાનું મને કદીપણ સ્વપ્નું નહતું. આ બન્ને કૃત્યોમાં હું ફક્ત પરમ કર્તવ્યની પ્રેરણાનેજ આધીન થયો હતો. અને આ પ્રસંગે પણ આગળના પ્રસંગની માફકજ હું ઇશ્વરને પ્રાર્થના કરૂંછું કે મારા કોઇપિણ કૃત્ય અથવા વચનથી આપણા સ્વદેશના હકો તથા પ્રતિષ્ઠાં જોખમમાં આવો નહિ.

નામદાર શેહેનશાહ તરફ વફાદારી.

આજે મારી પહેલી ફરજ, આપણા મહાન અને માનીતા શેહેનશાહના ચરણ આગળ આપણી અડગ વફાદારી, આપણી દૃઢ રાજભક્તિ, અને આપણું ઉમંગયુક્ત અભિવંદન રજુ કરવાની છે. આપણા નામદાર શેહેનશાહે રણસંગ્રામની અંદર આપણા સીપાઈઓની મુલાકાત લીધી છે, તે નામદારના શાહાજાદાએ લડાઇના સઘળા સંકટોમાં તેમની સાથે ભાગ લેવા માંડયો છે, અને આપણે આપણા વ્હાલા શેહેનશાહના રક્ષણ માટે, તે નામદારને નડેલા છેલ્લા અકસ્માતને લીધે થયેલી શારીરિક ઇજા હીંમતથી ખમવાની શક્તિ આપવાને માટે, તથા પૂર્ણ સામર્થ્ય સાથે પોતાની વફાદાર પ્રજાને પાછા સોંપવા માટે સર્વ શક્તિમાન પ્રભુનો આભાર માનીએ છીએ. પોતાની પ્રજાની આગેવાની લેવા અને તેમનાં સુખમાં અને આબાદીમાં વૃદ્ધિ કરવા માટે તે નામદાર દીર્ઘાયુષ્ય ભોગવો.

સ્વતંત્રતા માટે કરવામાં આવેલું મહાન યુદ્ધ.

હાલના પ્રસંગે આપણા મનમાં બીજા બધા સવાલો કરતાં વધારેમાં વધારે અગત્યનો સવાલ લડાઇનો છે અને આપણા હૃદયની અંદર ઈંગ્લંડ કે જે દેશે સ્વતંત્રતા માટે પોતાના ઉપર વગર માગ્યે બોજો ઉપાડી લીધો છે તેને માટે માનની લાગણી ઉત્પન્ન થઈ છે. વળી આપણો દેશ બ્રીટીશ શહેનશાતના બીજા ભાગોથી પાછળ પડ્યો નથી પણ ઈંગ્લંડને માથે આવી પડેલી મહાન મુશ્કેલીના વખતમાં શેહેનશાહતની બાજુએ અડગ રીતે ઊભુ રહ્યું છે તેને માટે આપણે મગરૂર છઇએ. વીર પુરૂષોના મોટા સમુદાયમાં, મૃત્યુને વશ થયેલાઓની અમર ટીપમાં, વ્હાલાં હિંદી નામો જોવામાં આવે છે અને તે જણાતાં કદીપણ બંધ પડશે નહિ. આ બીના સ્પષ્ટ રીતે દેખાડી આવે છે કે આપણી પ્રજા એક કૃત્રિમ સુધારાને તાબે થઈ દિવસો ગુજારવાને બદલે કલંક રહિત રહી મરણ પામવાને ખુશી થશે. આપણી દૃઢ માનતા છે કે ઈશ્વરી શક્તિ કે જેના હાથમાં સઘળી પ્રજાઓની ભવિષ્યની લગામ છે તે શક્તિની સત્તાથી છેવટે સત્યનો જય થશે અને આ મહાન યુદ્ધને અંતે મનુષ્ય જાતના ઈતિહાસમાં એક નવા જમાનાની શરૂઆત થશે.

મારી બીજી ફરજ શેહેનશાતના બચાવમાં યુરોપ, એશીયા, અને આફ્રીકાના રણસંગ્રામોમાં આપણા જે બંધુઓએ પોતાનું લોહી રેડ્યું છે તેમને માટે બ્હોળો પૂજ્યભાવ તથા અંતઃકરણ પૂર્વક આભારની લાગણી દર્શાવવાની છે. હાલના યુદ્ધે, હિંદને, દુનીઆમાં ઉત્તમ રીતે કેળવાયેલા લશ્કરો સાથે પોતાના લશ્કરની બહાદુરી, હિંમત તથા દૃઢતા દેખાડવાની, તેમજ હિંદી પ્રજામાં સઘળા વર્ગો તથા જાતો એક પ્રજા તરીકે ઉભા રહેવાની લાયકાત ધરાવેછે તે દેખાડીની આપવા જે તક આપી છે તેવી તક ભાગ્યેજ મળત. હિંદ ઉપર પ્રસરેલા વફાદારીના મોજાએ સઘળા વર્ગોના હૃદયમાં અસર કરી છે અને તે હકીકત આપણી વિરૂદ્ધના ટીકાકારો એ પણ વગર આનાકાનીએ સ્વીકારી છે. શીખ અને પઠાણના જેટલી આતુરતાથી નામદાર શેહેનશાહના વાવટા હેઠળ લઢવાને બંગાલીઓ આતુર છે અને જેઓને ઘાયલ થયેલાઓને લઈ જવાનાં કામમાં, ટપાલખાતામાં અથવા સંદેશા લઈ જવા લાવવાનાં કામમાં રોકવામાં આવ્યા છે તેઓએ લડવાંનાં ભારે કામમાં ગુંથાયેલા બીજાઓની માફક ભય તરફ અભાવ તથા ફરજ તરફ ભક્તિભાવ દેખાડયો છે. હિંદ પ્રસંગને અનુસરીને જાગૃત થયું છે અને જે વખતે શેહેનશાહતના શત્રુઓએ દેશમાં અસંતોષ તથા દેશનાં અંતર ભાગોમાં મુશ્કેલી ઉભી થવાની વકી રાખી હતી તે વેળા શેહેનશાહી વાવટાની આસપાસ ભેગા થવામાં હિંદના દેશી રાજકર્તાઓ તથા હિંદની પ્રજા એક બીજા સાથે હરીફાઈ ચલાવી રહેલાં છે. આ દેખાવ છેલ્લાં થોડા વર્ષ દરમીયાન હિંદના બ્રીટીશ શેહેનશાતના ભવિષ્યના માર્ગદર્શક રાજપુરુષોના ડહાપણનો તેમજ દુનીઆમાં સર્વત્ર ફેલાયેલી શેહેનશાહતનું ગૌરવ અને તેના પૌરજન તરીકેની જોખમદારીઓ સમજવામાં હિંદી પ્રજાએ દેખાડેલી

લાયકાતનો પ્રત્યક્ષ પુરાવો રજુ કર્યો છે. વળી જેઓએ આ પ્રશંસનીય કામમાં પોતાનાં શરીરો અર્પણ કર્યાં છે તેમના કુટુંબો તરફ આપણી માનપુરઃસર લાગણી દેખાડવાને આપણે ભૂલવું ન જોઇએ.

પ્રતિનિધિ બંધુઓ ! લડાઇની હાલની ચાલુ સ્થિતિની અંદર કોંગ્રેસ ભરવામાં ડહાપણ છે કે કેમ તે બાબત કેટલેક ઠેકાણેથી શંકા દર્શાવવામાં આવી છે. એવી સૂચના કરવામાં આવી છે કે જે વેળા શેહેનશાહતના શીર ઉપર બોજો છે તે વેળા રાજકીય સવાલો ઉપર ચર્ચા કરવાથી શહેનશાહતની મુશ્કેલીને વખતે પોતાના અંગત પ્રજાકીય લાભો આગળ ધપાવવાની તજવીજ કરવાનો આરોપ મુકવામાં આવશે. આવી ધાસ્તી રાખવાનું કાંઈ પણ કારણ હોય એમ મારૂં માનવુ નથી. ઈંગ્લંડની છેવટની ફત્તેહ માટેનો આપણને કાંઈ શક હોત તો આપણે જે સવાલો લડાઇનો અંત આવ્યા પછી અને સુલેહ થયા પછીજ ઉભા કરી શકાય તેવા સવાલો ઉપર ચર્ચા કરવાની આનાકાની કરત, આપણે સ્પષ્ટ રીતે કહેવું જોઇએ કે આપણામાં અત્યારે એવો કોઈ પણ નથી કે જેની ઇચ્છા સરકારને મુસ્કેલીમાં નાંખવાની હોય. શેહેનશાહની જે સેવા આપણા દેશબંધુંઓ રાજીખુશીથી બજાવે છે તેમાંથી લાભ લેવાની આપણે તજવીજ કરતા નથી. મારી ખાત્રી છે કે આપણી છાવણીમાં એક પણ એવો શખ્સ નથી કે જે વફાદારીની કિંમત અથવા બદલા તરીકે સુધારાઓની આશા રાખતો હોય. વફાદારી ભવિષ્યમાં લાભ લેવાના હેતુથીજ દેખાડવામાં આવી હોય તો તેની કાંઈ પણ કિંમત નથી. વળી કોઈ પણ વિચારશીલ અને જોખમદાર જાહેર પુરૂષ એવી તો માગણી નહીંજ કરે કે લડાઇના પરિણામે હિંદમાં રાજ્યદ્વારી સંસ્થાઓની ઉત્ક્રાન્તિમાં એકાએક તથા પ્રબળ ફેરફારો કરવા. આપણી સમક્ષ જે સવાલ છે તે એ છે કે દીર્ઘ દૃષ્ટિવાળા અંગ્રેજ અને હિંદી રાજ્યદ્વારીઓ હિંદ માટે જે કાયદેસર ખીલવણી થવા ઇચ્છે છે તેના ધોરણની હદબહાર જવાની માંગણી કર્યા વગર આ દેશનાં ખાતાઓની સ્વતંત્રતા તરફ પ્રગતિ માટે આપણે કેવી રીતનો આગ્રહ કરી શકીએ. આપણે અંતઃકરણ પૂર્વક ઉમેદ રાખીએ છઇએ કે આપણા દેશમાં એકાએક પ્રગટેલા વફાદારીના ઉભરાએ આપણી અને આપણા રાજયકર્ત્તાઓની વચ્ચેની અવિશ્વાસની અને શંકાની લાગણી હમેશ માટે દૂર કરી છે. વળી આપણે એમ પણ આશા રાખીએ છઇએ કે લડાઈ પુરી થયા બાદ બ્રીટીશ અમલદારો આપણો કારભાર કુશળતાથી ચલાવવાની પોતાની ફરજ સમજવાને બદલે પ્રજાને તે કારભાર ચલાવવાનું શિક્ષણ આપવાની ફરજ સમજશે અને માનસિક વૃત્તિઓમાં આ પ્રમાણે ફેર થવાની સાથે પ્રજા પણ અમલદારોને પોતાની રાજકીય ખીલવણીના કામમાં ઉત્સાહી મદદગાર તરીકે ગણવાનું શરૂ કરશે. આ ઉપરથી સ્વાભાવિક રીતે ઘણાં વર્ષો થયાં કૉંગ્રેસમાં પુરજોસથી ચર્ચાતી બાબત ઉપર હું મારા વિચારો દર્શાવું છું. આ વિષયથી તીવ્ર મત ભેદ પેદા થયો છે અને તેથી આપણો રાજકીય આદર્શ, વર્તમાન કાળમાં આપણી ફરજો અને ભવિષ્યમાં આપણી સ્થીતિ એ સંબંધમાં મારા પોતાના વિચારો શા છે તે પુછવાનો આપ હક ધરાવો છો.

આપણું સાધ્ય, સ્વરાજ્ય.

હિંદનું રાજકીય સાધ્ય કેવું હોવું જોઇએ તે વિષે આપણે પ્રથમ શરૂઆત કરીશું. કેટલાકોને આ સવાલ ઉઠાવવો બીન જરૂરી લાગે છે ને બીજાઓને તે સવાલ કાઢવો ઠીક લાગતો નથી. તેમ છતાં, મને એમ લાગે છે કે દેશના ભવિષ્યના બંધારણના માર્ગમાં મોટા ભયનું કારણ જે છે તે હિંદની ઉછરતી પ્રજાની અભિલાષા અને આદર્શોને તૃપ્ત કરે અને તેની સાથે જેમના હાથમાં આપણી લગામ સોપવામાં આવી છે તેમની પસંદગી મેળવે એવા સુચિંતિત સાધ્યની ખામી છે. મારી માન્યતા એવી છે કે બુદ્ધિનો પ્રસાદ પામેલું અને પ્રજામાં ઉત્સાહ ઉત્પન્ન કરી શકે તેવું એક સાધ્ય જો કે આપણા દેશમાંથી પેલું માનસિક દરદ જેને અરાજકતા કહે છે અને જેનું માનસ નિદાન સમજવું પણ મુશ્કેલ છે તે

અટકાવશે. જડમૂળથી ઉખેડી નહીં શકે તોપણ આપણી માતૃભૂમિના ખરા શત્રુઓનાં પ્રભાવનો પ્રસાર થતો સઘળા શુદ્ધ અને ન્યાયી કામ કરનારાઓ તો સ્પષ્ટ રીતે સમજતા હોવા જોઇએ કે નામદાર સરકારનો કે કોંગ્રેસનો કોઈપણ આદેશ, કોંગ્રેસ તરફથી ઉપાડી લેવામાં આવેલું અને નામદાર સરકાર તરફથી સ્વીકારવામાં આવેલું સાધ્ય, પ્રથમ અંતઃકરણને અને પછી બુદ્ધિને સંતોષકારક નહિ હોય તો, જાગૃત થતા હિંદના આત્મામાં થતાં દરદોને શાન્ત કરવાને શક્તિવાન થશે નહીં. મને લાગે છે સ્વરાજ્યનું સંતોષ કારક રૂપ કે જેને માટે હિંદીપ્રજા અભિલાષા ધરાવે છે તે પ્રેસીડંટ લિંકનને જેમ ટુંકામાં બતાવ્યું છે તેમ "પ્રજાનો, પ્રજા માટે ચલાવવામાં આવતો અને પ્રજાથીજ ચાલતો રાજ્ય કાર્યભાર હોવો જોઇએ," અને તેમાં કાંઈપણ ફેરફાર હોવો જોઇએ નહીં.

આ શબ્દોથી મારૂં કહેવાનું એમ નથી કે જે બ્રીટીશ રાજ્ય કારભાર આપણે જમાનાઓ થયાં ભોગવીએ છઈએ તે ઉત્તમ નથી. એ સરકારે અસંખ્ય લાભો આપણને કર્યાં છે તેની તરફ આપણે નજર કરવી જોઈએ. પણ એક બ્રીટીશ વડા પ્રધાને આ સદીની શરૂઆતમાં ખાસ કરીને જણાવ્યું છે કે "સદ્‌રાજ્ય એ કાંઈ સ્વરાજ્યની જગો લઈ શકે નહીં." એક લેખક એક જાણીતા ચોપાનીઆમાં જણાવે છે કે "દરેક અંગ્રેજ જાણે છે કે આકાશમાંથી દેવો આવીને તેની ઉપર રાજ્ય કરે તોપણ તે કોઈ પણ કારણે પોતાના કાયદા ઘડવાનો હક કે જે ઘણોજ પવિત્ર છે તે છોડી દેશે નહીં. જો તે હક તે છોડી દે તો તે અંગ્રેજ કહેવાય નહી. તે અંગ્રેજી ખેતરો ને ઝાડો ઉપર નજર નાખવામાં પણ શરમાશે. ફકત કાયદા સારા હોય એટલે ચાલતું નથી. દુનિયામાં ઉદાર અનિયંત્રિત સત્તાધારીઓ અને સુજ્ઞ કાયદા ઘડનારાઓ થઈ ગયા છે અને તેઓએ પોતાની રૈયતની આબાદીમાં તથા સુખમાં વધારો પણ કર્યો હશે. પણ તેમના રાજ્ય કારભારથી શેહેરીઓમાં જે માનસિક અને નૈતિક ખીલવણી થવી જોઇએ તે થઈ નથી તેમ તેમના ચરિત્રથી તેમની માનસિક દૃષ્ટિ વિસ્તીર્ણ બની નથી. આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મોદ્ધાર તરફ ઘણા નમ્ર ઉત્સાહથી પણ જેટલી ઉમેદ રાખી શકાય તેટલી આરિસ્ટૉટલના કોઈ પણ કાયદાથી રાખી શકાય નહી." માટે સ્વરાજ્યનું સાધ્ય એવું છે કે જેનો આધાર મનની લાગણી ઉપર નહી પણ ઐતિહાસિક શિક્ષણ-ઉપર રચાએલું છે.

મારૂં ખાત્રી પૂર્વક માનવું છે કે આવુંજ સાધ્ય બ્રીટીશ સરકાર હિંદમાં બ્રીટીશ રાજ્યની લગભગ શરૂઆતથીજ ધરાવે છે. ઘણા વખતથી ચાલ્યાઆવતા રાજ્ય દ્વારીઓએ તે રાજ્યનીતિ વારંવાર જાહેર કીધી છે. એક પછી એક આવતા શેહેનશાહોએ પણ તેને ગંભીર એકરારોથી બહાલી આપી છે. અને પાર્લમેંટના કાયદાઓએ પણ તેને કાયદા સર બહાલી આપી છે. તેમાંથી ફકરાઓ ટાંકી મારૂં ભાષણ લંબાવવા હું ઇચ્છતો નથી. તે આગળા પ્રમુખોનો ભાષણોમાંથી મળી આવશે પણ આપની રજાથી તા. ૧૧ મી ડીસેમ્બર ૧૮૭૭ ને દિવસે માન્ચેસ્ટર ખાતે જોન બ્રાઈટે આપેલા એક ભાષણમાંથી માત્ર એક ફકરો ટાંકીશ. "હું માનું છુ કે આપણા સ્વાર્થને ખાતર ને આપણી ભાવની લાગણી તૃપ્ત કરવા બહાર હિંદનો કાર્યભાર હવે સારી રીતે ચદ્ઘાવવાની આપણી ફરજ છે. એટલુંજ નહિ પણ તેનો રાજ્ય કાર્યભાર એવી રીતે ગોઠવવો જોઇએ કે જેથી આપણે એવો વખત લાવવાની આશા રાખી શકીએ કે જે સમયે હિંદ પોતાનો કાર્યભાર પોતાના હાથમાં લે અને પોતાની પદ્ધતિએજ તેનો અમલ કરે. હું જણાવવાની હિંમત ધરૂં છું કે જે ગૃહસ્થ દીર્ઘ દૃષ્ટિથી જોવા રાજી નથી, અને જે જો આવા સંજોગો આપણા ધાર્યા કરતાં વહેલાં ઉત્પન્ન થાય તો તેને અનુકૂળ થવાને તૈયાર નથી, તે ગૃહસ્થ રાજ્યદ્વારી પુરૂષ નથી, તેને જે ભયંકર નૈતિક જવાબદારી આપણે માથે લીધીછે તેનો ખ્યાલ નથી."

તેમ છતાં રાજ્ય નીતિમાં હાનિકારક ફેરફાર થયો છે એવી સમસ્ત હિંદની પ્રજાના વર્ગોમાં શંકા ઉત્પન્ન થઈ છે તે બીના કમનસીબે ખરી પડી છે અને તેનું કારણ જવાબદાર રાજદ્વારી-

ઓનાં કેટલાંક ભાષણો તથા કૃત્યો છે. આ શંકા તદ્દન પાયા વગરની નથી. અને એક સુપ્રસિદ્ધ ફ્રેંચ લેખક કે જેની ઉપર હિંદમાં બ્રીટીશ કારભારની પ્રશંસાનો અથવા તો હિંદી સુધારા તરફ હદબહાર દીલસોજી નો આરોપ મૂકી શકાય નહી, તેનું પણ અનુમાન તેજ છે. (હું સર વીલીયમ મેયરે કરેલા તરજુમાનાં ૧૮૮ માં પાનામાંથી વાંચુ છું). " જો ઈંગ્લંડે " હિંદ હિંદીઓને માટેજ " એ સૂત્ર રાખ્યું હોત અને એલ્ફીન્સ્ટન અને માલ્કમના વિચારોને અનુસરીને વર્તન કરવું ચાલુ રાખ્યું હોત તો પ્રજામત પ્રમાણે ધીમે ધીમે વધતા જતા હકો આપી છેવટે સંપૂર્ણ સ્વરાજ્ય આપવામાં કાંઈ પણ અયુક્ત ગણાત નહિઃ પણ હવે તેનો તે ઉદ્દેશ નથી. " કોઈ પણ સમજુ પુરુષ એમ કહી શકે નહિં કે જે યુવકો જેઓ લોર્ડ મોરલીના શબ્દોમાં જણાવીએ તો " સ્વતંત્રતા તથા સ્વરાજ્યના વિચારોથી મસ્ત થઈ યુનીવરસીટીઓમાંથી નીકળે છે. " તેઓનાં અંતઃકરણો એવી ખાતરીથી સંતોષ પામશે કે સ્વતંત્ર સંસ્થાઓને માટે તો પશ્ચીમની પ્રજાઓજ લાયક છે. આ યુવકોમાંથી ઘણા કે જેઓને ઈંગ્લંડના પ્રમાણિકપણામાં દૃઢ શ્રદ્ધા નથી તેઓ આવી રાજ્યની સ્થિતિથી નાસીપાસ થઈ એવા નિર્ણય ઉપર આવે કે ઘણા લાંબા કાળ પછી પણ સ્વતંત્રતા ન મળી શકે તેમ હોય તો સુલેહ તથા સંપના કરતાં અંધાધુની વધારે પસંદકરવા લાયક છે તો તેમાં આશ્ચર્યકારક શું છે ! પંદર વર્ષ ઉપર લોર્ડ મોરલીએ જણાવ્યુ છે કે " સ્વતંત્રતા " એ પવિત્ર શબ્દ પુરુષના હૃદયમાં ઉમદા અભિલાષાઓ ઉત્પન્ન કરનારો છે. અને આજે લાખો યુવકો પોતાની જાતનો ભોગ બીજાઓને સ્વતંત્ર કરવાના હેતુથી આપે છે. આથી હિંદી પ્રજાના મનમાં આજે મહાન્ અભિલાષા છે તેની દરેક ઈંગ્રેજ ગૃહસ્થ કદર કર્યા વગર રહેશે નહિ.

મારૂં તો એવું ધાર્મિક શ્રદ્ધા પૂર્વક માનવું છે કે ઈંગ્રેજ પ્રજાની કુશળ અને ન્યાયી રાજ્યનીતિ હજી તેવીને તેવીજ છે. જ્યારે નામદાર શેહેનશાહે દીલસોજીનો અને આશાનો માયાળુ સંદેશો મોકલ્યો ત્યારે આપણી રાજદ્વારી આશાઓ તરફ પોતાની સહાનુભૂતિ તથા તેની પરિપૂર્ણતા તરફ પોતાની દીલસોજી દર્શાવવા સિવાય તેનો બીજો શો અર્થ હોઈ શકે !

ચાલુ સાલની તા. ૮ મી ઓક્ટોબરે સીમલાની યુનાઈટેડ સર્વિસ કલબના ખાણા વખતે ઘણા પ્રતિનીધિ અમળદારો સમક્ષ વાઇસરાયે કહ્યું હતું કેઃ—

" ઈંગ્લંડે પશ્ચિમનાં સ્વતંત્રતાને સ્વમાનનાં ઉંચાં આદર્શનુ જ્ઞાન આ દેશમાં પ્રસરાવ્યું છે. હિંદની આથક સ્થિતિનોજ વિચાર કરવો તે તેને માટે પૂરતું નથી મહત્વાકાંક્ષાનાં જે બીજો રોપાયાં છે તેને હવે ઉછેરવા જોઇએ. ઈંગ્રેજ અમલદારો હવે ધીમે ધીમે સમજવા લાગ્યા છે કે જો કે તેમનાં પૂર્વજોના ઉદ્દેશો ઊંચા હતા અને તેઓએ અસાધારણ ફતેહ મળેલી છે તો પણ હિંદને ભવિષ્યમાં પોતાની ઉન્નતિના ક્રમમાં નિશ્ચિત માર્ગ ઉપર લઈ જવાનું મહાન કાર્ય હવે તેમને શિર પડેલું છે. માર્ગદર્શક અને તત્વવેત્તા તરીકે વર્તવાનો નવો રસ્તો તમારી સામે ખુલે છે અને તેને માટે તમારે યથાશક્તિ મહેનત કરવી જોઇએ. તમારામાં દીલસોજી અને તર્ક શક્તિની જરૂર છે. તેમજ તમારે આત્મ ભોગ પણ આપવાનો છે કારણ કે તમે જે અત્યાર સુધી સત્તા ભોગવી છે તેનો, તમારા નવા કાર્ય માટે તમારે ક્રમે ક્રમે ત્યાગ કરવો પડશે. આપણે એમ સમજવું જોઇએ કે ભૂત કાળમાં જેમ ઈંગ્લંડે પોતાનું કાર્ય સંપૂર્ણ રીતે બજાવું છે તેમ ભવિષ્યમાં હિંદની રાજકીય ખીલવણી કરવાનું મહાન ને કીર્તિવંત કાર્ય હવે તેને કરવાનું છે. હિંદનો જે આદર્શ છે તે હજી દૂર છે અને તે પ્રાપ્ત કરવાના માર્ગમાં ઘણી મુશ્કેલીઓ પડશે. પણ ભવિષ્યને માટે તો પૂર્ણ શ્રધ્ધા છે કે એક વખત એવો આવશે કે જ્યારે સ્વમાનની લાગણીથી દૃઢ બની તથા આભાર તથા પ્રેમની ગાંઠથી બંધાઇ હિંદ એક વિશ્વાસુ તાબેદાર દેશ તરીકેજ નહિ પણ શેહેનશાહતના એક સમાન મિત્ર તરીકેજ ગણાશે, હજુ આ સાધ્ય સંપૂર્ણ રીતે સિદ્ધ થવાને સમય આવ્યો નથી. આ દૂરના આદર્શ તરફ ઈંગ્રેજ અમલદારોએ

પોતાની દૃષ્ટિ રાખવાની અગત્યતા છે અને તેઓએ સમજવું જોઇએ કે આ દિશામાં ભવિષ્યમાં જે ફત્તેહ મલશે તે ઉપરથીજ બ્રીટિશ પ્રતિષ્ઠા તેમજ કુશલતાની કિંમત થઈ શકશે. ”

ના. લોર્ડ હાર્ડીંગના આ ઉમદા શબ્દોનો ભણકારો હજી પણ આપણા કાનમાં વાગ્યા કરે છે. આ શબ્દો એક બીન જોખમદાર ઉત્સાહી પુરૂષના નિરર્થક શબ્દો નથી. પણ જે રાજ્યદ્વારી પુરૂષે અસાધારણ મુશ્કેલીઓ અને તોફાનના સમયમાંથી હિંદના વહાણને સહીસલામત બહાર કાઢ્યું છે તેણે પુખ્ત વિચાર કર્યાબાદ કાઢેલાં વચનો છે. અને તે વચનોની દ્વારાએ આપણનેજ નહિ પણ પોતાના સ્વદેશ બંધુઓને પણ તે નામદારે આ સંદેશો જાહેર કર્યો છે. આપણામાંથી કોઈ અવિશ્વાસુ ગૃહસ્થ આ યાદગાર શબ્દોના સબંધમાં શંકા ઉઠાવે અથવા તો કોઈ ઈંગ્રેજ આ વચનોની કીંમત ઓછી ઠરવા તરફ દોરવાય નહી તેટલા માટે હું આશા રાખું છું કે એક સત્તાવાર સ્પષ્ટ ઢંઢેરો બાહાર પાડવામાં આવશે કે જેનાં સબંધમાં કોઈ જાતની ગેરસમજુતી થવાનો સંભવ રહે નહિ. આપણા મત પ્રમાણે અવિશ્વાસ માટે કોઈ પણ કારણ રહેતું નથી કારણ કે આવા પ્રકારની રાજ્યનીતિ લાંબા સમય પહેલાં જાહેર કરવામાં આવી છે. હાલમાં તેને ફરીથી ટેકો આપવામાં આવ્યો હતો અને તેનાં અગણિત લાભદાયક પરિણામો ઉપન્યાં છે. ઘણા ઉંચી પદવી ભોગવતા અમલદારો કદી જુદી રીતે બોલ્યા અથવા વર્ત્યા હશે પણ ઈંગ્લંડ હંમેશ એમ માનતું આવ્યું છે ને હજુ પણ માને છે કે આ મહાન દેશને તેની પછાત સ્થિતિમાંથી ઉંચી સ્થિતિ ઉપર લાવી દુનીઆના અન્ય દેશોની સાથે સમાન સ્થિતિ ઉપર લાવી દુનીઆના અન્ય દેશોની સાથે સમાન સ્થિતિ ઉપર મૂકવો એ તેનું મુખ્ય કર્તવ્ય છે, અને હિંદના પ્રત્યેક ઈંગ્રેજ અમલદારને તે ફરમાવે છે કે તે માત્ર ટ્રસ્ટી રૂપેજ પોતાને ગણે અને જ્યારે આ દેશ પુખ્ત વયનો અને પાકી સમજનો થાય ત્યારે તેનો તેના ખરા માલેક તરીકે હવાલો સોપી દેવા તે બંધાયેલો છે એમ સમજીને વર્તે.

પણ ના. વાઇસરાયનો આશાજનક સંદેશો સ્વીકારતી વખતે તેમાં “ હજી આ લાભ પ્રાપ્ત કરવાનો સમય પાસે આવ્યો નથી. ” એવો જે અપવાદ છે તેના સંબધમાં આપણામાંથી કોણ શંકા ઉઠાવશે ? જો તેવો કોઇ હોય તો તેનાથી સંપૂર્ણ રીતે જુદો પડતાં હુ જરા પણ અચકાતો નથી. કારણકે મારા દેશ બંધુઓને નુકસાન કરવા કરતાં તેમને નાખુશ કરવાનું હું તુરત પસંદ કરીશ. અન્તિમ સાધ્ય પ્રાપ્ત કરતાં પ્હેલાં આપણે હજી ઘણી લાંબી મુસાફરી કરવાની છે અને રસ્તો લાંબો અને મુસ્કેલીઓથી ભરપૂર છે એવું આ દેશના ખરા હિતેષીઓના મન ઉપર કોંગ્રેસના દરેક આગેવાને ઠસાવ્યું છે. તેથી મારો મત વધારે દૃઢ બન્યો છે. “ સહવારમાં વહેલાં ઉઠવાથી કાંઈ સહવાર વહેલું પડતું નથી. ” અધીરાઈ રાખવાથી આપણો ઉદ્દેશ ત્વરાથી પાર પડવાનો નથી. હુ જણાવીશ કે હિંદનો કોઈ પણ સાચો મિત્ર આ જરૂરી સુધારા સિવાય સ્વરાજ્યનું આદર્શ આપણી સમક્ષ મુકશે નહિ. આથી કેટલા એક અધીરા યુવકો સીધો અને વિકટ માર્ગ પસંદ નહિ કરતાં વિનાશક ટુંકા રસ્તા તરફ દોરવાઈ જાય છે. કારણકે નિરંતર આત્મભોગ અને દૃઢ ધૈર્યથી કામ કરવા કરતાં ઉંચા આદર્શની ખાતર શરીર અર્પણ કરવાનું તેમને સેહેલું લાગે છે. આ ઉદ્ધતાઈનુંજ પરિણામ છે. સ્વરાજ્ય માટેની મારી ઇચ્છામાં કદીપણ હું પછાત પડતો નથી. પણ ઇચ્છા અને તેની સફલતા વચ્ચે ઘણુંજ અંતર રહેલું છે.

એક ઉદ્દેશ. એક રસ્તો,

સ્વરાજ્યનાં અમૂલ્ય ખજાનો મેળવવાંના જુદા જુદા માર્ગો વિષે આપણે ખુલ્લા દીલથી—નિર્ભયપણે વિચાર ચલાવીશું. મારા ધારવા પ્રમાણે નીચેના ત્રણમાંથી એક માર્ગ ગ્રહણ કરવાથીજ આંપણી ઇચ્છાઓ પાર પાડવાંનું શકય છે.

(૧) બ્રીટીશ પ્રજા તરફથી મફત બક્ષીસ મળે તો,

(૨) તેમની પાસેથી ખુંચાવી લેવાથી,

(૩) ધીમે ધીમે આપણી માનસિક નૈતિક અને આર્થિક સ્થિતિમાં એવો સુધારો કરીને કે જેથી જ્યારે આપણે લાયક બનીએ ત્યારે આપણી ઇચ્છાઓ પરિપૂર્ણ કરવામાં આનાકાની કરવાનું આપણા રાજ્ય કર્તાઓને અશક્ય થઈ પડે.

હવે પહેલાં માર્ગના સંબંધમાં કદાચ ઇંગ્લંડ સંપૂર્ણ સ્વરાજ્યની મફત બક્ષીસ કરવાને હાલ તુરતમાં તત્પર હોય—જેઓ કોંગ્રેસથી જુદા પડે છે તેઓ આવી ઇચ્છા હોવાની પહેલાંતો શંકા ઉઠાવશે—તોપણ તેવી બક્ષીસ મેળવવી લાભદાયક થઈ પડે કે કેમ તેને માટે મને શંકા છે. કારણ કે રાજ્યદ્વારી બાબતોમાં એક સામાન્ય નિયમ છે કે, વ્યક્તિની માફક દેશોએ પણ સ્વતંત્રતા મેળવવા માટે ધીમે ધીમે લાયક થવું જોઇએ. અપરિપકવ હાલતમાં ઉંચી રાજ્યદ્વારી સત્તા મળે તેનાથી વધારે નુકશાન કારક બીજી કોઇ ચીજ ભાગ્યેજ હોઈ શકે. વળી આ બીના પણ ભૂલવી જોઇએ નહીં કે નવું સ્વતંત્ર હિંદ તે કાંઈ પુનર્જીવન પામેલું પ્રાચીન હિંદ થઇ શકે તેમ નથી. ઈંગ્લંડથી છુટું થએલુ હિંદ તદ્દન શાંતિમાં અને એકાંત સ્થીતિમાં પડયું રહે તો કદાચ હિંદને તાત્કાલિક સ્વતંત્રતા મળવાથી લાભથવાનો સંભવ ખરો. પણ કમનસીબે હાલમાં દુનીઆની વસ્તુ સ્થિતિ એવી છે કે ઈંગ્લંડથી છુટા પડેલા હિંદને આત્મરક્ષણ કરવાની શકિતના અભાવને પરિણામે થોડાજ વખતમાં જુદા જુદા દેશોના ઝગડાનો ભોગ થવું પડે.

બીજાના સંબંધમાં—બ્રીટીશ રાજ્યની સાથે લડાઈ કરીને તાત્કાલિક સ્વરાજ્ય મેળવવાની, જહાલ પક્ષના વિચારનો માણસ પણ આશા રાખતો હશે કે કેમ તેને માટે મને શંકા છે. આવી લડાઈ અચિંત્ય છે તેમ તદ્દન અસંભવિત છે. પોલીસોના ખુન કરવાથી કે શાન્ત નિર્દોષ શેહેરીઓને લુટવાથી, આપણા ખરા સાધ્ય તરફની આપણી પ્રગતિ મંદ પડવા સિવાય બીજુ કાંઈ પણ પરિણામ આવતું હોય તેમ કોઈ પણ સુજ્ઞ પુરૂષ માની શકે નહિ. લોકોનો મોટો ભાગ જો આવાં કૃત્યો કરતો હોય તો તે એટલુંજ બતાવી આપેછે કે સ્વરાજ્યને માટે આપણે નાલાયક છઇએ. સ્વરાજ્યના આદર્શને પ્રાપ્ત કરવા માટે દરેક સામાજીક તેમજ રાજકીય ચળવળમાં ભાગ લેવાની તેમજ મુંગે મહોડે હરકત કર્યા વગર કામ કરવાની ઉભય લાયકાત મેળવવાની ખાસ આવશ્યકતા છે. સુભાગ્યે આવાં ઘોર કર્મોને આખા હિંદમાં વખોડી કહાડવામાં આવે છે. કુમાર્ગે વળી ગયેલા મૂર્ખ અવિચારીઓને આ માર્ગ પસંદ પડતો હશે પણ ગંભીર વિચારશીલ હિંદી પ્રજાનો મોટો વર્ગ તેની તરફ તિરસ્કારની નજરે જુએ છે. આવા કર્મોથી જેમની સહાયતા હિંદ તેમજ ઇંગ્લંડમાં આપણને ઘણી કિંમતી થઈ પડે તેમ છે તેવા ઇંગ્રેજોની દીલસોજી આપણે ગુમાવીએ છઈએ એટલુંજ નહિ પણ આપણા સ્વદેશ બંધુઓના મનો પણ ઉશકેરાય છે અને તેઓ સ્વભાવિક રીતે જે આશયની સાથે સ્વેચ્છાચારી વર્તન જોડાવવાનો સંભવ હોય છે તેનો ત્યાગ કરે છે. તમારી અને મારી તરફથી આવા અધર્મી કાર્યો તરફ આપણો સખ્ત અને સંપૂર્ણ તિરસ્કાર હું દર્શાવુંછું અને પ્રજાના દરેક વર્ગને હું આગ્રહ પુર્વક અરજ ગુજારૂં છું કે તેઓએ સ્પષ્ટ શબ્દોમાં આવા હીચકારા કૃત્યો તરફ પોતાનો સખત અણગમો જાહેર કરવો અને તેવા પાપીઓને શોધી કહાડી શિક્ષાએ પહોંચાડવા સત્તાવાળાઓને સંપૂર્ણ મદદ કરવી. કારણકે તેવા અધમ પુરૂષોના દુરાચરણો આપણા દેશની કીર્તિ અને ઉંચાનામને એબ લગાડનારાં છે.

સ્વરાજ્ય મેળવવાનો ત્રીજો માર્ગજ તેથી આપણે માટે ખુલ્લો તથા અનુકૂલ છે. તેને વિષે બોલતાં પહેલાં " ઈન્ડીયન નેશનૅલિઝમ " નામનું પુસ્તક લખનાર મી. એડવીન બીવનની એક વાત વિષે હું આપને યાદ આપીશ. તેઓ આપણા દેશની સ્થિતિ એક ઉંડા અને ગંભીર જખમથી પીડાતા અને તેથી કુશળ સર્જને લોખંડના બખતરમાં મુકેલા મનુષ્યની સાથે સરખાવે છે. લોખંડના બખતરમાં હોવા છતાં આવા સંજોગોના ભોગ થઇ પડેલા માણસને પોતાના હિતની ખાતર કુદરતની કૃપા

થી તેની શક્તિઓ પાછી મળે ત્યાં સુધી શાન્તિથી અને ધૈર્યથી રાહ જોવાની જરૂર છે. હાડકાં સંધાઇ થાય ને શરીરના જખમો રુઝાય ત્યાંસુધી ગમે તેવું દુઃખ થતું હોય તોપણ તે મનુષ્યે સંપૂર્ણ શાન્તિ મેળવી આરામ લેવાની જરુર છે. સારા થવાની બહુ ઉતાવળ કરવાથી કાંઈ ફાયદો થતો નથી. જલદી ચાલવાનો પ્રયત્ન કરવા જતાં ઉલટી ખરાબી થવાનો સંભવ છે. વળી તેવી શક્તિમાં સર્જનની મદદની જરુર પડેછે તો તેની ફીને માટે બડબડાટ કરવો તે મૂર્ખાઇનું કામ છે.

ઇંગ્લંડના રક્ષણ નીચે આપણે એટલા બધા આગળ વધીએ કે જેથી આપણે આપણા દેશની અંદરની શાન્તિ જાળવી રાખવા ઉપરાંત બહારના હુમલાઓની સામે પણ આપણું રક્ષણ કરી શકીએ ત્યારે મારા ધારવા પ્રમાણે હિંદને સંપૂર્ણ સ્વરાજ્ય આપવાની ઈંગ્લંડની ફરજ તથા તેના હિતની વાત થઈ પડશે. રાજદ્વારી દોહોડ ડાહ્યા પુરૂષો જણાવે છે કે જીતેલાં દેશોને કોઇ દેશે સ્વહસ્તે સ્વતંત્રતા આપી હોય એવો ઇતિહાસમાં કોઈ પણ દાખલો નથી. જીતના ખરા અર્થમાં હિંદને જીતવામાં આવ્યું નથી એમ ઘણી વખત કહેવામાં આવેલું હોવાથી તે વાત ફરીથી કહેવાની હું ઇચ્છા ધરાવતો નથી. વળી સર્ જોન સીલીએ વાજબી રીતે જણાવ્યા પ્રમાણે કાયદા પ્રમાણે ઇંગ્લંડનું તાબેદાર ગણાય તેવી રીતે હિંદનો કબજો મેળવવામાં આવ્યો નથી. તે તેના બીજા સંસ્થાનોના જેવું છે. ફ્રેંચ કેનેડા અને દક્ષિણ આફ્રીકાના પ્રજા સત્તાક રાજ્યો કે જ્યાં સ્વતંત્રતાના બંધારણની બક્ષીસ કરવામાં આવી છે તેનો દાખલો તપાસવાની હું રાહ જોઇશ નહી. પણ હિંદની હાલમાં જે સ્થિતિ છે તેવી મનુષ્ય જાતની અગાઉ કોઈ વખતે સ્થિતિ થઈ હોય તેવા ઇતિહાસમાં કોઈ દ્રષ્ટાંત છે ખરો ! મહાન ઈંગ્લીશ પ્રજાની ઉમદા રાજકીય નીતિ જેવી બીજા કોઇ દેશની નીતિ છે ખરી ! ઇંગ્લંડ બીજા મુલકોની સ્વતંત્રતા માટે જે ખંત અને હિંમતથી સતત લડયું છે તેવું બીજા કોઇ દેશે કરી બતાવ્યું છે ખરૂં ! મારો વિશ્વાસ ખાલી ભાવનાઓ કે અવિચારી લાગણીઓ ઉપર રચાયો નથી. દીર્ઘ દ્રષ્ટીવાળા ઇંગ્રેજ રાજ્યદ્વારીઓ અને ઉમદા હૃદયના હિંદી સ્વદેશ ભકતોની ચાલું મહેનતથી જે લાભો અત્યાર સુધીમાં પ્રાપ્ત થયા છે તેની નોંધ લેવાઈ ચુકી છે. તેઓ બન્ને હજી પણ આપણા ભલા માટે કામ કરી રહ્યા છે અને તેમના આત્માઓ આજે પણ આપણી આજુ બાજુ ફરતા રહી આપણને સુમાર્ગે દોરે છે તથા પ્રેરે છે. પૂર્વ અને પશ્ચિમનો સંશ્લેષ કાંઈ અમસ્થો થયો નથી જે અદ્દશ્ય લેખક આ દેશનો સર્વથી વધારે આશ્ચર્ય જનક ઇતિહાસ લખે છે તે કાંઈ સુસ્ત બેઠો નથી. જેઓમાં અંતર દૃષ્ટિ અને વિવેક બુદ્ધિ છે તેઓ જોઈ શકશે કે આપણો ઉદ્દેશ એકજ છે અને માર્ગ પણ એકજ છે.

હિંદનો પુનરુદ્ધાર તથા તેની પુનર્વ્યવસ્થા ઇંગ્રેજની દેખરેખ તથા કાબુ હેઠળજ થાય તેમ છે અને તે સાધ્ય બિન્દુ દૂર છે તેનો સ્વીકાર કરવાથી આપણે એમ કબુલ કરતા નથી કે તે એટલું બધું દૂર છે તે ફક્ત માનસિક કલ્પનાનોજ વિષય થઇ શકે. ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરવાને માત્ર આપણે આપણા હાથ લાંબા કરવાનીજ વાર છે એવો જે ખ્યાલ કરનારાઓ છે તેમની અધીરાઇને આપણે વખોડી કહાડીએ છઇએ. પણ તે લક્ષ્ય સ્થાન એટલું દૂર છે કે હાલના રાજ્ય વહીવટમાં તે સામાન્ય કરીને ધ્યાનમાં પણ નહિ લેવા યોગ્ય છે તેવો વિચાર ધરાવનારાઓથી પણ આપણે તેટલાજ જુદા પડીએ છઇએ. મને જણાયછે કે લક્ષ્ય સ્થાને પહોચ્યા પછી હિંદ અને ઇંગ્લંડ વચ્ચે કેવો સંબંધ રહેશે તેનું સ્પષ્ટ રીતે અત્યારે નિરાકરણ કરવાની ભાગ્યેજ જરૂર છે. ભવિષ્યમાં હિંદ અને ઈંગ્લંડ વચ્ચે ગમે તેવો સંબંધ રહે તોપણ હિંદ ઉપર તેણે જે ઊંડી અસર કરી છે તે કદી પણ જવાની નથી અને અરસપરસના વ્યવહારથી પેદા થયેલી જાગૃતિ અને ઈંગ્લંડે હિંદમાં પેદા કરેલું નવીન જીવન તે એક કાયમની બીના તરીકે રહેશે. શહેનશાહના રક્ષણ હેઠળ હિંદ માટે સ્વરાજ્ય માંગવું એ કોંગ્રેસનો રાજ્યદ્વારી ઉદ્દેશ છે. અને લૉર્ડ હૅલ્ડેન જેવા ઉદાર અંગ્રેજ રાજ્યદ્વારીએ જે ભવિષ્યની રૂપરેખા દોરી છે તેની સાથે આપણું સ્વદેશાભિમાન અને દેશ પ્રત્યે પ્રેમ શામાટે બંધ બેસતાં

થઈ શકે નહિ તે હું સમજી શકતો નથી. લૉર્ડ હેલ્ડેને એવું ચિત્ર દોર્યું છે કે જેમાં હિંદીઓ અને ઈંગ્રેજો એક સામાન્ય શેહેનશાહતનો સામાન્ય અને ઉત્તમ વારસો મેળવીને સરખા શેહેરીઓ બનશે. આપણે બધા સાથે મળીને આખી શેહેનશાહતના સામાન્ય હિત માટે આપણી બુદ્ધિનો સદુપયોગ કરીશુંજ. આ આદર્શને પહોચવા માટે આપણી પહેલી ફરજ એ છે કે આપણે કઠણ પણ અનિવાર્ય સદગુણ, ધૈર્યતાનો યોગ સાધવો. આપણા સાધ્ય બિંદુએ પહોંચવાનો કોઈ રાજમાર્ગ નથી. તેથી આપણે સર્વેએ સાથે મળીને ત્યાં પહોંચવા માટે જે જરૂરી રસ્તાઓ હોય તે બહુ શાન્તિથી, ખંતથી, અને ઉત્સાહ પૂર્વક ગ્રહણ કરવા જોઈએજ. આમાંના કેટલાએક પગલાં માત્ર સરકારજ લઈ શકે તેમછે ત્યારે બીજાંનો બધો આધાર માત્ર આપણી ઉપરજ રહેલો છે. પણ અરસપરસ વિશ્વાસ, સહન–શીલતા અને ક્ષમાદૃષ્ટિ વગર કોઈ પણ માર્ગનું કોઇપણ ફળ પ્રાપ્ત થવાનું નથી. હિંદના લોકોમાં આ સદ્‌ગુણો પેદા કરવાને માટે ખાસ જરૂરનું છે કે તેમને સનંદી તેમજ લશ્કરી, ન્યાયી તેમજ કારભારી, અને ધારાને લગતી અને વહીવટને લગતી સરકારી નોકરીની દરેક શાખામાં ઉંચા ઓદ્ધા આપવા જોઇએ અને તેમાં તેમને સીધી રીતે ભાગ લેતા કરવા જોઈએ. દિન પ્રતિદિન તેમને આગળ વધારવાનું કામ સતત ચાલું રાખવું જોઇએ, ધારા સભાની સત્તામાં વધારો કરવાની, વડી તેમજ પ્રાંતિક કાર્યભારી કાઉન્સીલોમાં હિંદીઓને નીમવાની, હિંદી સનદી નોકરીમાં વધુ સંખ્યામાં હિંદીઓને દાખલ કરવાની, અને જાહેર નોકરીની દરેક શાખામાં હિંદીઓને ઉંચા ઓદ્ધા આપવાની હિંદી કોંગ્રેસ જ્યારે માંગણી કરે છે ત્યારે તે કેળવાયલા વર્ગના અંગત લાભની ખાતરજ કરે છે તેમ જે ટીકા કેટલાંક લોકો તરફથી કરવામાં આવે છે તે એક ક્રૂર નિંદાછે. આ દેશની બુદ્ધિ તથા સ્વદેશ ભકિત ઉપર આવુ કલંક મુકવામાં કેટલાકો કદાચ શુદ્ધ બુદ્ધિથી પ્રેરાતા હશે પણ જો તેમ હોય તો તેમણે જાણવું જોઇએ કે, તેલંગ, તૈયબજી, અને કૃષ્ણસ્વામી આય્યર, અને એવા બીજા કોંગ્રેસના આગેવાનોએ ઘણો અંગત ભોગ આપી ઉંચા સરકારી ઓદ્ધાઓ સ્વીકાર્યા છે જ્યારે બીજા કેટલાકોએ આમ ભોગ આપવાને અશકત હોવાથી તેવા ઓધ્ધાનો સ્વીકાર કરવા ના પાડી છે. આવા ટીકાકારો કોંગ્રેસનું સાહિત્ય વાંચવાનું વીસરી જાય છે. એક અગત્યનો મુદ્દો તો તેઓ તદ્દન ભુલી જાય છે કે આવી રીતની જે માંગણીઓ કરવામાં આવે છે તે સાધન રૂપેજ છે. તે કાંઈ સાધ્ય નથી. આવા ઉપાયો કિંમતી છે કેમકે સરકારી કામમાં સીધી રીતે ભાગ મેળવવાની જે પ્રજાની માગણી છે તેનો તેથી અંગીકાર થાય છે. આવા સત્તાધીકારીઓ સરકારનાં હથીયાર તરીકે નહિં પણ સભાસદ તરીકે કામ કરે છે. સરકાર અને પ્રજા એક છે અને સરકાર આપણી પોતાનીજ છે એવી લાગણી પેદા કરવામાં તેની કિંમત સમાએલી છે. એક જીતનારા દેશે નારાજ પ્રજા ઉપર પરદેશી અમલદારો મૂકયા છે એ ભાવના ઇચ્છવા યોગ્ય છેજ નહિ. ઉપર જણાવેલી જાતના ટીકાકારોની ટીકાઓની આપણે અવગણનાજ કરીશું. પણ બીજી જાતનો ટીકાકાર વર્ગ એવો છે કે જેના વિચારો જોકે પુખ્ત નહિ તોપણ લલચાવનારા છે. તેઓ જણાવે છે કે સુધરેલી ધારાસભા નિઃસત્વ છે અને તેના ઠરાવોને માત્ર પવિત્ર ઇચ્છાઓ જણાવી તે મશ્કરી કરે છે. સવાલ જવાબના હક્ક તથા અંદાજ પત્રની ચર્ચામાં તેઓ કાંઇ લાભ જોઈ શકતા નથી. દરેક કાર્યભારી સભામાં એક હિંદી દાખલ કરવાથી કાંઈ વળે નહિ એમ તેઓ માને છે, કારણકે તેથી સામાન્ય ચાલુ વહીવટમાં કાંઈ તાત્કાળીક સુધારા થવા પામ્યા નથી. વાઇકાઉન્ટ બ્રાઇટ જેવા ઉદાર ઇતિહાસકારનો મત ટાંકી તેઓ કહેછે કે રોમન શેહેનશાહતની માફક હિંદમાં પણ સ્વતંત્ર બંધારણ જેવું કાંઈ નથી અને ૧૮૬૧–૧૮૯૨ અને ૧૯૦૯માં જે કાઉન્સીલોના સુધારા થયા છે તે લોકોને ખરી સત્તા આપવા માટે નહીં પણ ફક્ત હિંદી પ્રજાનો અભિપ્રાય જાણવા માટે થયા છે. હિંદમાં આપણે હજુ સ્વતંત્ર સંસ્થાઓથી ઘણા દૂર છીએ ને અત્યાર સુધીના સુધારાથી વડી કે પ્રાંતિક કાઉન્સીલોમાં પ્રજાને

ખરેખરી સત્તા મળી નથી એ સમજવાને માટે કાંઈ ઉંડી રાજ્યદ્વારી સમજ શક્તિની જરુર નથી. પણ હું દૃઢતા પૂર્વક માનું છું કે અત્યાર સુધીમાં આપણુને જે હક્કો મળ્યા છે તેનો જો આપણે ખંતથી અને કુશળતાથી તથા વિજયથી ઉપયોગ કરીએ તો નજદીકના ભવિષ્યમાં તેમાં યોગ્ય વધારો થવા પામશે. મેં જણાવી છે તે દરેક દિશામાં ટીકા કે વિરૂદ્ધતાથી ડગ્યા સિવાય આપણે વધુ હક્કો મેળવવા માટે આગ્રહ પૂર્વક અરજો ગુજારવી જોઇએ. ધારા સભાનું બંધારણ સુધારવા અને સત્તામાં વધારો કરવા માટે આપણે કાયમ આગ્રહ કર્યા કરવો જોઇએ. જાહેર ખાતાની દરેક શાખામાં હિંદીઓ માટે વધુ સંખ્યામાં ઉંચા ઓધ્ધા મેળવવાની માગણી આપણે ચાલુ રાખવી જોઇએ, અને તે બક્ષીસ તરીકે નહીં પણ દેશની રાજકીય પ્રગતિને લગતાં પવિત્ર વચનોને વર્તનમાં મુકવાનાં પ્રયત્નો તરીકે આપણે ગણીશું. જ્યાં સુધી સમસ્ત દેશમાં સ્વતંત્ર સંસ્થાઓ હસ્તીમાં આવશે નહિ ત્યાં સુધી આપણે આપણી મહેનત ચાલુ રાખીશું. આપણી માંગણીઓ ઉત્ક્રાન્તિના ક્રમમાં ઓચિંતો ફેરફાર કરે તેવા ધોરણ ઉપર રચાયેલી હોવી ન જોઇએ પણ ધીમે ધીમે અને સંભાળ પૂર્વક હિંદની રાજ્યદ્વારી પ્રગતિ થાય તેવી રીતે ચાલુ પ્રયત્ન આપણે કર્યા કરવો જોઇએ.

કોંગ્રેસને શું જોઇએ છે.

જ્યારે આ સભાનું પ્રમુખ સ્થાન મે સ્વીકાર્યું ત્યારે આપ જાણતા હોવા જોઇએ તેમ હું પણ જાણતો હતો કે આજ કોંગ્રેસ લાંબો સમય થયાં જે સુધારાઓની હિમાયત કરે છે તે કરતાં કાંઈ ખાશ વિશેષ સૂચના કરવાને હું શકિતમાન થાઉં તે સંભવીત નહતું. પણ મને લાગ્યું કે હું જો કે ઘણો ટુંકો સમય સરકારના અંતરના વહીવટનાં પરીચયમાં આવેલો છું તો પણ તે સબબથી આ વખતે આપના નેતા તરીકે બાહેર પડવાની મારી ફરજ છે. આવી માન્યતાથી હું બ્રીટીશ પ્રજાને અરજ ગુજારૂં છું કે જે લક્ષ્ય આપણે પ્રાપ્ત કરવા માંગીએ છઇએ તેનો તેણે નિઃશંક સ્વીકાર કરવો તથા તેને મળવવા માટે જે વિકટ અને લાંબો માર્ગ આપણે કાપવાનો છે તેને માટે આપણુને તેણે સજ્જ કરવા. શેહેનશાહત પ્રત્યે હિંદે જે વફાદારી ને પ્રીતિ બતાવી છે અને જે કિંમતી મદદ કરી છે, જે ભોગો આપ્યા છે, તેની કદર બુજવા માટે આ સર્વથી ઉત્તમ રસ્તો તેણે ગ્રહણ કરવો. બ્રીટીશ પ્રજા તરફનો એવો સંદેશો બીજા ગમે તેવા નિશ્ચિત રાજ્યદ્વારી સુધારાઓ કરતાં હિંદી પ્રજાના અંતઃકરણ અને મન ઉપર વધારે ઉંડી છાપ પાડશે. ગમે તેવા સુધારાઓ કરવામાં આવે તોપણ જોખમદાર ઈંગ્રેજ રાજ્યદ્વારી પુરૂષોએ શેહેનશાહતમાં હિંદના ભવિષ્યની સ્થિતિ વિષે જે ઉમદા અભિલાષાઓ પેદા કરી છે તેની સાથે સરખાવતાં તે નિર્માલ્ય દેખાય તે સંભવિત છે, અને તેમ થવાથી સર્વ ઠેકાણે નિરાશા ઉત્પન્ન કરવાનુ પરિણામ આવ્યા વિના રહે નહિં. મારી સૂચના પ્રમાણે જો રાજ્યનીતિ વિષે સત્તાવાર રીતે જાહેર ખુલાસો કરવામા આવે તો લોકોમાં કોઈપણ જાતની નિરાશા ઉત્પન્ન થવા પામે નહીં પણ ઉલટી અંતરમાં પુરી ખાત્રી થાય કે રાજકીય ઉન્નતિના ક્રમમાં વ્યાજબી સુધારો ક્રમે કરીને કરવામાં આવશે અને ભવિષ્ય માટે સર્વ આધાર તેને માટે લાયક બનવાની તૈયારી ધૈર્યતાથી કરવામાંજ રહેશે. આમ કરવાનો સર્વોતમ સમય જે વખતે ઇંગ્લંડ અને તેના મિત્રોની ફતેહથી લશ્કરી અપ્રતિબંધ સત્તાના વિચારોનો પરાજય અને સ્વતંત્ર સંસ્થાઓના હિમાયતીઓનો જય થશે તેજ છે. અને તેજ સમયે આનો ખુલાસો કરવાની તક લેવી જોઇએ. ગૃહસ્થો, મારો અર્થ સમજવામાં કાંઇ ભૂલ કરશો નહિ. હું એમ કહેવા નથી માંગતો કે આપણુને જે જોઇએ છઇએ ને જે પ્રાપ્ત થવાથી આપણુને સંતોપ થશે તે માત્ર આવો ખુલાસોજ છે. હું જે કહેવા માંગુછું તે એજ છે કે હિંદના ભવિષ્ય માટેની પોતાની રાજનીતિનો સરકારે સંપૂર્ણ અને સ્પષ્ટ ખુલાસો કરવો કે જેને પરિણામે હાલ જ્યાં નિરાશાનો નિવાસ છે ત્યાં આશા ઉત્પન્ન થાય અને જ્યાં શંકાનો સ્યામ પડછાયો પડયો છે ત્યાં આસ્થા બંધાય. હું એમ કહેવા માગુછું કે સરકારનાં સઘળાં ખાતાઓ

ઉપર પ્રજાનો ક્રમે ક્રમે કાબુ વધે અને સ્વરાજ્યને માર્ગે તે ચડતાં થાય તેવાં પગલાં ભરવાં અને આ દેશ તેમજ બ્રીટીશ શેહેનશાહતના બીજા ભાગોમાં આપણા ઉપર જે અંકુશો ને બંધનો છે તે કહાડી નાંખવાં હમણાની. સરકારે જે બે ઉપાયો યોજ્યા છે તે જો કે સ્વરાજ્ય તરફ આગળ વધવાના પગલાં જેવાં ગણાય નહિ તોપણ શેહેનશાહતમાં હિંદને માટે સ્થાનનો સ્વીકાર કરવા જેવા છે. તેને માટે આભારની લાગણી દર્શાવવાની હું મારી પવિત્ર ફરજ સમજુ છું અને તેથી તેમ કરવાની આ તક લઉંછું. તેમાં પહેલો, દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતીમાં થોડે અંશે જે સુધારો કરવામાં આવ્યો છે અને જેને માટે આપણે ના. વાઇસિરોયના પ્રશંસનીય પ્રયત્નોને આભારી છીએ તે છે. બીજો, મારા મિત્ર ઓન. મી. શફીના આવતી શેહેનશાહી કોન્ફરન્સમાં હિંદનો સત્તાવાર પ્રતિનિધિ મોકલવા વિશેના ઠરાવના સ્વીકારને લગતો છે. તેમ છતાં આ પાછલા ઠરાવના સંબંધમાં હું એક સૂચના કરવાની રજા લઇશ અને તે એ છે કે હિંદ તરફના એક સત્તાવાર પ્રતિનિધી સાથે હાલને સમયે જે દેશી રાજ્યોએ શેહેનશાહતની પ્રશંસનીય સેવા બજાવી છે તેઓમાંના એક અથવા બેને આ મહાન્ ભરતખંડના પ્રતિનિધિ તરીકે જોડવા. બીજી રીતે તેઓની સેવાની કદર કરવામાં આવે તે ઉપરાંત જો તેઓમાંના એક અથવા બે કુશળ રાજદ્વારીઓને શેહેનશાહી કોન્ફરન્સના પ્રતિનિધીઓ તરીકે પસંદ કરવામાં આવે તો તે કૃત્ય તેઓએ કરેલી પ્રશંસનીય સેવાની યોગ્ય કદર તરીકે ગણાશે અને સમસ્ત દેશના પ્રજામતને સંતોષ મળશે.

સ્થાનિક રાજ્યદ્વારી સવાલો વિશે જે સંગીન સુધારાઓ માટે કોંગ્રેસ લડત ચલાવતી આવી છે તે સઘળાની વિગતવાર તપાસમાં હું આ પ્રસંગે ઉતરવા માંગતો નથી. પ્રાંતિક સ્વરાજ્ય તરફ નિર્ણાયક ક્રમણ, ધારાસભાઓને લગતા ઉદાર કાનુનો, બીન સરકારી બહુમતિને બદલે પ્રજા પક્ષના ચુંટાએલા પ્રતિનિધિઓની બહુમતિ, તેઓની સત્તામાં અને ખાસ કરીને મહેસુલને લગતી સત્તામાં કરવાનો જરૂરીયાત વધારો, કાર્યભારી સભાઓ અને હિંદી પ્રધાનની કાઉન્સીલમાં હિંદના વધારે પ્રતિનિધિઓની અગત્યતા, જાહેર નોકરીની સર્વ શાખાઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં જગાઓ આપવાની તથા ન્યાય અને કારોભારી ખાતાં જુદા પાડવાની જરૂરીયાત, પ્રાથમિક, શાસ્ત્રીય, અને ઔદ્યોગિક કેલવણીની ખીલવણી, ગીરમીટગુલામગીરીની પદ્ધતીનો ત્યાગ, અને શેહેનશાહતનાં બીજા બધા ભાગોમાં હિંદીઓની સ્થિતિમાં સુધારો, આ સઘળા સુધારા આપણે લાંબા સમયથી માંગતા આવ્યા છીએ. અને આ પ્રસંગે પણ જરૂર લાગે તેવા ઠરાવો તે સબંધમાં આપણે કરીશું. તો પણ મને ભય છે કે તેઓમાંનાં ઘણા ખરાનો નિર્ણય કરવાનું કામ સુલેહ દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી મુલતવી રાખવું પડશે. તેમ છતાં પણ ખાસ અગત્યની બાબતો જેની જરૂરીઆત તુરતમાં છે અને જેના વિષે લગભગ એકમત છે તે વિષયો ઉપરજ અત્રે વિવેચન કરી હું સંતોષ માનીશ. એ ત્રણ બાબતો નીચે પ્રમાણે છે.

(૧) હિંદી પ્રજાને લશ્કરી તાલીમ અને લશ્કરમાં ચઢતા ઓધા આપવાનો સવાલ.
(૨) સ્થાનિક સ્વરાજ્યનો વિકાસ.
(૩) વેપાર–ઉદ્યોગ અને ખેતીવાડીની ખીલવણી.

(૧) લશ્કરી તાલીમ અને લશ્કરી ઓદ્ધા.

જ્યાં સુંધી સ્વદેશના બચાવ માટેની જોખમદારીમાં તેની પ્રજાને ભાગ આપવામાં આવે નહિ ત્યાં સુધી તેનામાં એક શહેરી તરીકેની તીવ્ર લાગણી ઉત્પન્ન થતી નથી. "કોઇપણ ખટપટ ઉભી થશે તો બીજાઓ તે દાબી દેશે. હુલડ થશે તો બીજાઓ તે સમાવી દેશે, ભય જણાશે તો બીજાઓ તેની સામે બચાવ કરશે, દેશ જોખમમાં આવશે તો બીજાઓ તેનું રક્ષણ કરશે," જ્યાં પ્રજામાં આવી લાગ

ણીઓનો પ્રવેશ થાય છે ત્યાં એમજ અનુમાન થાય કે પ્રજામાં શેહેરીઓ તરીકેની જોખમદારીની તમામ લાગણીઓનો નાશ થયો છે અને જે બંધારણ આવી સ્થિતિને માટે જવાબદાર હોય તે એક મનુષ્ય તરીકેનાં સ્વરક્ષણ માટે પણ યોગ્ય ગણાય નહીં. મારે પ્રથમ અંગીકાર કરવું જોઈએ કે આ દેશની સરકારે તેની પ્રજામાં આત્મબળનો વાજબી જુસ્સો ઉત્પન્ન કરવાં જુદા જુદા ઘણા ઉપાયો લીધા છે, અને હજીપણ તે લેતી જાય છે; પણ તેની સાથે મને એટલું તો લાગ્યા વગર રહેતું નથી કે દેશના રક્ષણના સર્વેથી વધારે અગત્યના વિષયમાં સરકારે પ્રજામાં આત્મબળનો જુસ્સો સ્ફુરતો રોકયો છે અથવા તે મેળવવાના માર્ગોમાં અડચણો ઉભી કરવામાં આવી છે. આ બાબતના સંબંધમા વસ્તુ સ્થિતિ કેવી છે? શીખો અને રજપુતોની લડાયક જાતો સિવાય સામાન્ય પ્રજાવર્ગને લશ્કરી તાલીમ કાંઈ પણ મળતી નથી. ના. શેહેનશાહના લશ્કરમાં તેમને જોડાવા દેવામાં આવતા નથી એટલુંજ નહિ પણ તેમને વોલન્ટીયર (સ્વેચ્છા સૈનિક) ટુંકડીઓમાંથી પણ બાતલ કરવામાં આવે છે. શીખ, રજપુત, ગુર્ખા, પઠાણ, વિગેરે જે જાતોને નિયમિત લશ્કરમાં દાખલ કરવામાં આવે છે તે પણ એટલાજ માટે કે આ દેશમાં સુલેહ શાંતિ જાળવવા માટે ઈંગ્રેજ સીપાઈઓની સંખ્યા પુરતી થઈ પડતી નથી. તેમનાં સંબંધમાં પણ એક અચલ કાનુન છે કે તેઓ ગમે તેવી બહાદુરી દર્શાવે, અને વીકટોરીઆ ક્રોસનો અમુલ્ય ચાંદ મેળવે તોપણ તેઓમાંથી કોઈ, ઉંચ કુલના, શૂરા, કેળવાએલા, અને લાયક હોવા છતાં ના. શેહેનશાહનાં લશ્કરમાં કમીશન મેળવી શકે નહિ. જ્યારે ગમે તેવી ઉતરતી પંકતીનો યુરોપીયન, યુરેઝીયન, કે આફ્રીકન હબસી પણ હથીઆર ધારણ કરવાનો હક ધરાવે છે ત્યારે દેશના કાયદાની રૂએ ગમે તેવો વફાદાર અને આબરૂદાર શેહેરી પણ ખાસ પરવાનો મેળવ્યા સીવાય હથીઆર રાખી કે બાંધી શકે નહિ. આવી મહેરબાની માટે પણ ઘણીવાર તેમને સ્વેચ્છા પ્રમાણે વર્તનાર તથા દીલસોજી રહીત અમલદાર ઉપર આધાર રાખવો પડે છે. મારા ધારવા પ્રમાણે તો હાલનું ધોરણ એવું છે કે તે એકવાર જાહેરમાં આવતાંજ નિંદા પાત્ર થયાવિના રહેજ નહીં. હવે આ સ્થિતિમાં સુધારો કરવા માટે શાશા ફેરફારો કરવા આવશ્યક છે તે હું ટુંકામાં જણાવીશ.

(૧) આપણે નિયમિત લશ્કરમાં, નાત, જાત, કે પ્રાંતના કાંઈપણ ભેદ વિના જોડાવવાનો હક માંગીએ છીએ. અને તે હક શારીરિક લાયકાતની ઠરાવેલી કસોટીને જ આધીન હોવો જોઈએ.

(૨) આપણી બીજી માંગણી એ છે કે લશ્કરનાં ઉંચા ઓદ્ધાઓ શહેનશાહની રૈયતના તમામ વર્ગો માટે એક સરખા ખુલ્લા મુકવા જોઇએ. અને તે શારીરિક અને માનસિક યોગ્ય કસોટીને આધીન રાખવા. વળી હિંદમાં એક અથવા વધારે લશ્કરી કોલેજો સ્થાપવી કે જેમાં આપણા સ્વદેશ બંધુઓ લશ્કરી કમીશન મેળવવાને ભાગ્યશાલી થાય તેવી યોગ્ય તાલીમ લઈ શકે.

(૩) આપણી ત્રીજી માંગણી શેહનશાહની રૈયતના સર્વે વર્ગોને "વૉલંટીઅર" તરીકે જોડાવા દેવાની પરવાનગી આપવા બાબતની છે અને તે જરૂરી જેટલા કાબુમાં રહી નિયમ પ્રમાણે વર્તવાની સરતે.

(૪) હથીઆર ધારણ કરવાને લગતા કાયદાની રૂએ જે દ્વેષજનક તફાવતો રાખવામાં આવ્યા છે તે કહાડી નાંખવા જોઇએ. આગલી ત્રણ માંગણીઓ સાથે આને કાંઈ સબંધ નથી પણ મેં બધી માંગણીઓ સાથેજ રજુ કરી છે કારણ કે તે સર્વે રાજકીય દૃષ્ટિથી જોતાં એક સરખી અગત્યની છે.

હવે આમાંથી પહેલી ત્રણ માંગણીઓ સામે સામાન્ય રીતે જે વાંધો લેવામાં આવે છે તેની હું તપાસ કરીશ. ન્યાત કે જાતના ભેદ રાખ્યા સિવાય સઘળાઓને લશ્કરમાં જોડાવાનો હક્ક આપવા સામે એવો વાંધો દર્શાવવામાં આવે છે કે હિંદની સઘળી જાતોમાં એક સરખો લશ્કરી જુસ્સો નથી

અને લશ્કરમાં જોઇએ તેવી શારીરિક શૌર્યતાની ઘણી કોમોમાં ખામી છે. બીજો વાંધો એ લેવામાં આવે છે કે તેઓમાંના ઘણા લશ્કરમાં જોડાવા માટે આતુર નથી અને કોઇપણ કારણસર તે નોકરીમાં દાખલ થવા માંગતા નથી. છેલ્લો વાંધો તો ટુંકામાંજ પતાવી દેવામાં આવે તેવો છે. આપણે એક હક્કની માંગણી કરીએ છીએ અને આપણામાંથી જે તેનો ઉપયોગ કરવાની વિરુદ્ધ હોય તેઓને આપણે ફરજ પાડતા નથી એટલે હક આપવાથી કોઇને નુકશાન થઈ શકે તેમ નથી. ઉલટું તેમ કરવાથી દીર્ઘ કાળની એક ફરીઆદનું કારણ દૂર થશે અને તેથી સરકારની કીર્તિમાં વૃદ્ધિ થશે.

પહેલો વાંધો કેટલા વર્ગોમાં અને જાતોમાં લડાયક જુસ્સાની ગેર હાજરી વિષેનો છે તે વિષે ગંભીર વિચાર કરવાની આવશ્યકતા છે. દેશ, નિયમિત ચાલુ લશ્કરમાં અમુક સંખ્યામાંજ સીપાઇઓ અને અમલદારોને નભાવી શકે અને તેમાં જે પૈસાનો ખર્ચ થાય તેનો સંપૂર્ણ બદલો તેને મળવો જોઇએ; જો અમુક વર્ગો હિંમત અને શૌર્યની ખામીને લીધે લશ્કરી ગુણોમાં પશ્ચાત હોય તો સરકારને બીજા વર્ગોમાંથી પોતાના શીપાઈઓ શોધી કહાડવાનો હક છે. આ દલીલ ગમે તેટલી મજબુત હોય તોપણ તેને હદ છે. કારણ કે જેમ એક દુકાનનો કારભાર ચલાવવામાં આવે તેજ પ્રમાણે દેશનો વહીવટ ચાલી શકે નહિ. એક આફ્રીદી અને એક પઠાણ અથવા બ્રીટીશ રૈયત ન હોય તેવા માણસને તમે સીપાઈ તરીકે લેવાથી નાણાની યોગ્ય કિંમત મેળવી શકો પણ બંગાલી, મદ્રાસી, કે પારસીનો બહિષ્કાર કરવાથી તમે પ્રત્યક્ષ રોષ નહિં તો ફરીયાદની જે લાગણી ઉત્પન્ન કરો છો તેથી દેશના સામાન્ય વહીવટમાં ગંભીર પ્રકારની અવ્યવસ્થા થવાની ધાસ્તી રહે છે. જે વર્ગોનો તમે બહિષ્કાર કરો છો તેઓમાં સમાન શહેરીઓ તરીકેની દેશના રક્ષણ માટે જવાબદારીની લાગણી ઉત્પન્ન થતી નથી. અને શેહેનશાહતની એકયતા પ્રાપ્ત કરવા માટે જે આત્મ-શ્રદ્ધાને સ્વમાનની જરુર છે તે પણ ખીલતાં નથી. અત્યાર સુધી મારી દલીલોમાં મેં એમ માની લીધું છે કે હિંદની અમુક જાતોમાંઅને વર્ગોમાં શારીરિક હિંમત અને વીરતા વિગેરે લડાયક ગુણોની ખામી છે. પણ આ માન્યતા શું ખરી છે ? આ શું ખરૂં છે કે એક બંગાલીમાં શારીરિક હિંમત નથી તેમજ તે કદી પ્રાપ્ત કરી શકશેજ નહીં ? ગંગા નદીના પ્રદેશના વતનીઓને માટે તીક્ષ્ણ તિરસ્કારની લાગણી દર્શાવતી વખતે મેકોલેએ આ સિદ્ધાન્તનો આરંભ કર્યો હતો. પણ તે વાત તે વખતે એમના ધ્યાનમાં આવી નહી કે ખાસ કરીને મેલેરીઆથી મુકત ભાગોમાં બંગાલનો ખેડુત વર્ગ મજબુત બાંધાનો તથા ચૈતન્યથી પૂર્ણ છે. પણ ખેડુત વર્ગને બાજુ ઉપર રાખી ધંધાદારી ને કેળવાએલાં વર્ગો તરફ આપણે નજર કરીએ. તેઓમાંથી જે ભારે અંગત ભોગો આપી લશ્કરી નોકરીમાં જોડાયા છે તેઓ આ વખતે ઘાયલ આદમીઓને લઈ જવાના કામમાં કામે લાગેલા છે. મારી ખાત્રી છે કે લડાઇના મેદાનમાં વડા સેનાધીપતિ તથા સઘળા બ્રીટીશ અમલદારો તમને ખાત્રી આપશે કે ટુકડીમાં એવો કોઇપણ નથી કે જેમાં શારીરિક બળ અને સહન શકિતની ખામી હોય. પણ પાસેનો એક દાખલો લઇએ. જાહેર નોકરોનું એક બીજુ મંડળ છે જેમની વિરૂદ્ધ ઘણી ટીકાઓ કરવામાં આવી છે. હું છુપી પોલી-સોના બંગાળી અમલદારો વિષે બોલુંછુ. બંગાળાના ગવર્નરથી માંડીને કોઇપણ અંગ્રેજને પુછો અને મને ખાત્રી છે કે તેઓમાંથી દરેક તમને કહેશે કે આ અમલદારોમાં એક પણ એવો નથી કે જે દરરોજ પોતાની ફરજ અને વફાદારીને ખાતર પોતાની જીંદગી ખુશીથી જોખમમાં નાંખતો ન હોય. અને આ સર્વ તેઓ ઘણીવાર અત્યંત નિરાશાજનક પ્રસંગોમાં કરે છે. આ ઉપરથી અત્રે કહેવાની રજા લઉં છું કે હાલને સમયે એવું કહેવું વાજબી નથી કે હિંદનો કોઈપણ વર્ગ શારીરિક હિંમત અને વીરતાની ખામીને લીધે હથીઆર બાંધવા લાયક નથી. જો તેમ હોય તોપણ શું તે ઈંગ્લંડની ફરજ નથી કે જેમ બીજી કેટલી એક ખામીઓને તે દૂર કરવાં માંગે છે તેમ આ ખામી અને આ નાલાયકી પણ દુર કરવી ! વિશેષ કરીને એટલા માટે કે જો તેઓની આવી સ્થિતી થઈ હોય તો તે હમણાંના સંજોગોનેજ

આભારી છે. ઈંગ્લંડે આ દેશ ઉપર ૧૫૦ વર્ષ કરતાં વધારે મુદતથી રાજ્ય અમલ ચલાવ્યો છે અને આ દેશની પ્રજા જો પરદેશી સાહસિકોના પંજામાં સહેલાઈથી સપડાઈ જાય તેવી તેની સ્થિતી હજી હોય તો તે ઈંગ્લંડને માટે મગરૂરીનું કારણ નથી. કેટલાંએક ટીકાકારો આપણને હમેશ યાદ આપે છે કે જો અંગ્રેજો આજે હિંદુસ્થાન મુકીને ચાલ્યા જાયતો આપણને તેને એડન પહોંચતા પહેલાં તાર મૂકી બોલાવવા પડે; કેટલા એક મશ્કરીમાં એમ પણ બોલે છે કે જો ઈંગ્રેજો હમણાં જાયતો આ દેશના કેટલા એક ભાગોમાં એક પાઈ અથવા એક કુમારિકા સહીસલામત રહે નહિ. જો તેમ હોય તો બ્રીટીશ અમલ ઉપર આથી બીજો કોઇપણ વધારે નુકશાનકારક દોષારોપ કરી શકવાનો સંભવ નથી. ન્યાય અને પ્રમાણિકપણા ઉપર શારીરિક બળની જીત મેળવવા માટે અતિગર્વ ધરાવનારો પુરૂષ કદી મગરૂર થાય પણ બ્રીટીશ પ્રજા કે જે હાલની માફક હમેશાં સ્વતંત્રતા માટે લડત ચલાવતી રહી છે તે હિંદની આવી સ્થિતીને માટે કદીપણ અભિમાનની લાગણી દર્શાવી શકે નહિ તેવી મારી પૂર્ણ ખાત્રી છે. જે સ્થિતીમાં પાંચમી સદીમાં જ્યારે રોમન લેકોહન્સ, ગોલ્સ, તથા બીજા જંગલી લોકોની સામે પોતાના દેશનું રક્ષણ કરવા માટે ઈંગ્લંડ છોડી ચાલી ગયા ત્યારે ઈંગ્લંડ હતું, તેવીજ હીચકારી સ્થિતિમાં હિંદુસ્થાન અત્યારે છે.

તેટલાં માટે લશ્કરી તાલીમની માંગણી કરવામાં ઉપર બતાવ્યા મુજબના પરિણામોનો ઇલાજ આપણ શોધીએ છીએ. ખોયેલું સ્વમાન પાછું મેળવવા તથા શેહેરી તરીકેની લાગણીઓને તીવ્ર બનાવવા અને આપણું રક્ષણ કરનાર ઇંગ્લંડનો હાથ કદાચ પાછો ખેંચી લેવામાં આવે તો તે સમયે આપણા ઉપર હુમલો કરનાર શત્રુની સામે બચાવ કરવાનો હક પાછો મેળવવા માટે હમારી માગણી છે. સઘળાં મનુષ્યોને માટે આ સ્વાભાવિક હક માંગવામાં આપણે માત્ર લાગણીથી દોરવાઇ જતા નથી. દરેક રાજ્ય કાર્યભારની યોજનામાં લાગણીને માટે સ્થાન તો હોયછેજ. મનુષ્યને જે અતિ પ્રિય છે તે વસ્તુઓનું રક્ષણ કરવા માટે કદાચ આપણે આપણા બાહુબળનો ઉપયોગ કરવો પડે તે સંભવિત છે. હમણાં જે લડાઇ શરૂ છે તેવીજ બીજી લડાઈ ભવિષ્યમાં નહિ થાય એવું જાહેર કરવા કોણ સમર્થ છે ? તથા તે લડાઇમાં ઇંગ્લંડનાં હાલ જે મિત્ર રાજ્યો છે તેજ મિત્ર તરીકે રહેશે તથા તેને જે ટેકો અત્યારે મળે છે તેજ મળશે એમ પણ કોણ કહી શકશે ? મેં એવું દર્શાવવા પ્રયત્ન કર્યો છે કે લશ્કરી નોકરીમાં જોડાવવામાં આપણા હકની સામે સામાન્ય રીતે જે વાંધાઓ કહાડવામાં આવે છે તેમાંથી કોઇપણ વાંધો મજબુત નથી. મેં એમ પણ બતાવ્યું છે કે આપણી માંગણીં ન્યાયી તથા જરૂરી છે. હમણાની લડાઇમાં જે કાંઇ બન્યું છે તે પછી લોર્ડ બ્રાઇસે અને ૧૯૧૨ માં જે કહ્યું હતું તે કહેવું યોગ્ય નહિ ગણાય. તેમણે કહ્યું હતું કેઃ "હિંદ સાથેના ઈંગ્લંડના સબંધનો અંત આવે તો વ્યાપારને કદાચ થોડુ નુકશાન થવા ઉપરાંત ઈંગ્લંડને કાંઇ પણ મોટી હાનિ થવાનો સંભવ નથી. એક વિશાળ મુલક કે જેના રક્ષણ માટેના સાધનોમાં તેને મદદ કરવી પડે તેમ છે તેના સ્વામી થવાથી તે દેશની પ્રતિષ્ઠામાં ઉમેરો થાય છે પણ બળમાં થતો નથી. એશીઆમાં એક તસુ પણ જમીન ઇંગ્લંડને ન હતી તે વખતે પણ તે મહાન ને બળવંત હતું, અને પૂર્વમાં વ્યાપારના રક્ષણાર્થે જેટલી સત્તાની જરૂર હોય તેથી વધારે ન હોય તો પણ તે મહાન અને બલવંત પ્રજા થઇ શકે."

અત્યારે પણ રક્ષણના જે સાધનો હિંદુસ્થાન પાસે છે તેણે ઈંગ્લંડના બળમાં વૃધ્ધિ કરી છે અને તે હાલની લડાઇથી સારી રીતે સિધ્ધ થયું છે. જો આપણી માગણીઓ કબુલ કરવામાં આવે તો આ બળમાં સોગણો ઉમેરો થાય તેમાં શંકા નથી. જો હિંદની પ્રજાને હથીઆર રાખવા દેવામાં આવે તથા તેને હથીઆર વાપરવાની તાલીમ આપવામાં આવેતો એવી કઇ પ્રજા છે કે જે ઈંગ્લંડની સાથે સરખામણીમાં ઉતરી શકે. તેમ વળી આ જાતના હકો આપવાથી

કાંઇ પણ આંતર ભય ઉત્પન્ન થવાનો સંભવ કારણ નથી. જો સીખ, ગુરખા, મરાઠા, અને પઠાણ જેવા શુરવીર સિપાઇઓ વફાદારીથી અને કાયદાને અનુસરીને કામ કરનારા જણાય છે તો બીજી કોમોને તેવા હકો અને તેવોજ દરજ્જો આપવાથી કાંઇ વસ્તુ સ્થિતિમાં ફેરફાર થશે તેવો ભય રાખવાનું કારણ નથી. વળી હમારી માંગણી એમ છે કે તે હકો આપતી વખતે એવી શરતો દાખલ કરવી કે જેથી ઘટતો અંકુશ રાખી શકાય.

વોલંટીઅરોના સંબંધમાં પણ ઘટતી સાવચેતીઓ તથા અંકુશો રાખી શકાશે અને તે સરકાર મુકરર કરી શકશે.

આ પ્રમાણે સાવચેતી રાખ્યા પછી વોલંટીઅરોની ટુકડીઓમાં જોડાનારાઓની જે વ્યગ્ર શક્તિઓ હમણાં શંકાશીળ હાનિકારક માર્ગો તરફ વળે છે તેને સરકારને કે પ્રજાને કાંઈપણ જોખમ વગર યોગ્ય નીકાસ મળશે. આ માગણીઓ કરવાથી એક પ્રજા કીય સૈન્ય ઉભુ કરવા જેવો મહાન સવાલ હું ઉભો કરૂં છુ તે હું જાણું છું. હિંદીઓનુ એક આવુ લશ્કર હોય તો તેને બ્રીટીશ સરકારની સામે લઈ જવામાં આવ એવી ટીકા કરવામાં આવે છે તેની ખુલ્લી રીતે અને નિષ્પક્ષ-પાતપણે તપાસ કરવાની મારી ઇચ્છા છે. જવાબમાં હું એટલું કહેવાની હિંમત કરીશ કે અજ્ઞાન અને ભાડુતી લશ્કરને દોરી જવામાં રાજ્યસંસ્થાવિરોધીઓ અને ફીતુરીઓ ફાવી જાય ખરા પણ કેળવણીના ફેલાવાથી અને સ્વરાજ્યની ઉદાર સંસ્થાઓની પ્રાપ્તિથી વફાદાર બનેલી પ્રજામાંથી તૈયાર કરવામાં આવેલાં એક ખરેખર પ્રજાકીય લશ્કરને દોરી જવામાં તેઓ કદી પણ ફતેહમંદ નીવડે નહી. મારી એવું સૂચવવાની ઇચ્છા નથી કે લશ્કરને પ્રજાકીય એક દિવસમાં બનાવી દેવું અથવા તો પ્રજાના કાર્યભારને કલમના એકજ સપાટાથી પ્રજાકીય બનાવી દેવો. પણ હું નમ્રતા પૂર્વક આગ્રહ કરૂં છુ કે હિદમાં એક પ્રજાકીય લશ્કર ઉભુ કરવાની શરૂઆત કરવાનો સમય હવે આવ્યો છે. એક મોટું લશ્કર નીભાવવાની પ્રથમ જરૂરીઆત છે તે વાત આપણી શેહેનશાહતના દરેક ભાગના વતની-ઓના મનમાં હાલના સંજોગોથી ઠસાવવામાં આવી છે તેથી હિંદમાં પણ દરેક ભાગમાં એક મજબુત પ્રજાકીય લશ્કર ઉભુ કરી તેનો નિભાવ કરવો જોઇએ.

લશ્કરી કારકીર્દીમાં ભાગ આપવાથી હિંદની શક્તિને તથા શૌર્યને જે ઉત્તેજન મળશે તે બીજા કશાથી મળશે નહિ. શેહેનશાહી વાવટા પ્રત્યેની હિંદના પુત્રોની વફાદારી, ભકિત તથા શૌર્યતાનો પુરાવો આપ્યા પછી પણ રશીઆનાં છત્રતળે મુકાએલી પ્રજાઓને જે વર્ત્તણુંક આપવામાં આવે છે તેવી વર્ત્તણુંક હિંદે માંગવી એ શું વધારે પડતું છે ? બુદ્ધિ, સગવડ, ન્યાય, અને અગત્યતા એ દરેક દૃષ્ટિથી જોતાં મે જે માંગણીઓ રજુ કરી છે તે દરેકને ટેકો મળે છે અને જો મક્રમ પણ સુધારો કરવામાં નહિ આવે તો લડાઈથી આપણા રાજ્ય કર્ત્તાઓના દૃષ્ટિબિન્દુમાં કાંઈ ફેરફાર થયો હોય તેમ માનવું મશ્કેલ પડશે. અને " આ શેહેનશાહત કોઈ જાતના કે કૃત્રિમ ઉપરી-પણા ઉપર નહીં પણ સંગીન હક ધરાવનારી સ્વતંત્રતા ભોગવતી કોમોના શુદ્ધ પ્રેમ ઉપર આધાર રાખે છે, " એવા વડા પ્રધાનના ઉદ્દગારોમાં વિશ્વાસ મૂકવો પણ અશકય થઈ પડશે.

હવે હું સહુથી છેલ્લા, પણ અગત્યતાની બાબતમાં ઉતરતા નહીં એવા હક વિષે બોલું છું. તે હથીઆર બંધીના કાયદામાં કોમ કોમ વચ્ચે જે તફાવત છે તે દૂર કરવા વિષે છે. લાગણી તેમજ ન્યાય બુદ્ધિને ખાતર તેમ કરવું આવશ્યક છે. એક કરતાં બીજી કોમને ઉતરતી ગણવામાં આવે છે એવી લાગણીનો તેમજ બેવફાઇનો આરોપનો તેથી અંત આવશે એટલુંજ નહી પણ લોકો જંગલી જાનવરો સામે તથા લુટારા ચોર વિગેરે સામે પોતાનુ રક્ષણ કરવાની મુશ્કેલીમાંથી મુકત થશે.

સ્થાનિક સ્વરાજ્ય.

સ્વરાજ્યની આપણી અભિલાષા જો કદાચ પાર પડે તો તે ધારાસભાઓ અને તેમની સત્તાઓમાં વૃદ્ધિ કરવાથી કે કારભારી સભાઓમાં વધારે હિંદીઓ દાખલ કરવાથી કે પ્રજાકીય લશ્કર ઉભુ કરવાથી તે પાર પડે તેમ નથી. અલબત તે બધા આપણી પ્રજાકીય ઉન્નતિના કામમાં ઉપયોગી અને અગત્યનાં છે.સ્થાનિક સ્વરાજ્ય વધારવા અને તેને ખીલવવાંથી સ્વરાજ્યનો હેતુ વધારે મોટા પ્રમાણમાં સિદ્ધ થશે. જ્યારે લોકો પોતાનાં શેહેરીઓ તરીકેનાં હકો અને ફરજો સામાન્ય રીતે સમજી પોતાના રસ્તાઓ, અને ગટરો, તળાવો, અને કુવાઓ, શાળાઓ, અને દવાખાનાઓની, વ્યવસ્થા બરોબર કરવાને શક્તિમાન થશે ત્યારે તેમને રાજ્ય કારભારનાં વધારે અગત્યનાં કામોમાંથી દૂર રાખવાનું લાંબો વખત સુધી શકય થશે નહિં. તે સિવાય ઉંચા પ્રકારના કાર્યભારી કામો સંતોષકારક રીતે બજાવવાં હંમેશા શકય નથી. ગયા વર્ષની કોંગ્રેસમાં સ્વરાજ્યના ઠરાવને ટેકો આપતી વખતે ભાષણ કરતાં મીસીસ બેસંટે જે કહયુ હતું તે તમોને યાદ આપવા કરતાં વધારે હું કહી નહી શકુ. તેમણે કહ્યું હતું કે "સ્વરાજ્યની તાલીમ આપણી પ્રજાને અત્યારે અત્યંત અગત્યની છે. કારણકે રાજ્ય કાર્યભાર ચલાવવો તે એક વિદ્યા કે હુન્નરમાં પ્રવીણ થવા જેવું છે.અને તે યોગ્ય રીતે ચલાવી શકાય તે માટે સ્થાનિક સ્વરાજ્યમાં તેનુ શિક્ષણ લેવું જોઇએ. તે પછી પ્રાન્તિક સ્વરાજ્યમાં અને છેવટે સમસ્ત પ્રજા ઉપર રાજ્ય કરવાના કામમાં ભાગ લેવો જોઇએ. કારણકે રાજ્ય ચલાવવાનું કાર્ય આ દુનીઆમાં સૌથી વધારે વિલક્ષણ છે. ત્યારે તમારે શું કરવું કે જ્યાં જ્યાં બની શકે તેમ હોય ત્યાં સ્થાનિક સ્વરાજ્યમાં ભાગ લેવો જોઇએ. તે જેવું છે તેવું ગ્રહણ કરો અને તેનો અમલ કરવાનું કાર્ય હાથમાં લો કારણ કે તેમ કરવાથી તમને અનુભવ મળશે ને જ્ઞાન પ્રાપ્ત થશે.મોટી કાઉન્સીલોમાં તમે બોલવા જશો અને તે વિશાળ ભૂમી ઉપર તમારો અવાજ ફેલાવશો ત્યારે તે અનુભવ અને જ્ઞાન તમોને કામ લાગશે. તેથી તે મહેનતનું કામ ઉપાડી લેવા હું તમને અરજ કરૂ છું. તેમાં તમને વૈતરૂ કરવું પડશે તે ધ્યાનમાં રાખજો. સ્થાનિક કારભારની વિગતોની માહીતિ મેળવજો. તમારી ગટરોનો તથા ખાસ કરીને તમારાં પાણીનાં બાંધ કામોનો કારભાર કરતાં શીખજો. તે બધાં સ્વરાજ્યના પ્રથમ પગથીયાં છે ને તે બધાંમાથી તમો પસાર નહિ થાઓ ત્યાંસુધી તમારા દેશને માટે ગમે તેવો ઉત્સાહ અને પ્રેમ ધરાવતા હશો તોપણ તમારો કારભાર ફત્તેહમંદ નીવડશે નહિ."

ગઇ કોંગ્રેસની સ્વાગત કમીટીના પ્રમુખ આપણા માનવંતા આગેવાન સર સિ૰ આય્યરની સલાહ પણ ઓછી મક્કમ નહતી. આપણા આગેવાનોનાં વિચારો આવા છે ત્યારે સરકારનાજ વિચારો કાંઇ ઓછા સ્પષ્ટ નથી. સને ૧૮૮૨ ના લોર્ડ રીપનના યાદગાર ઠરાવથી વધારે પાછળ નજર નાંખવાની જરૂર નથી. " સ્વતંત્ર રાજકીય જીવનની શરુઆતને પોષણ આપવા ખાતર " સ્થાનિક સ્વરાજ્યની કેવી ઉદાર રાજ્યનીતિ તેમાં મુકરર કરવામાં આવી છે તે તમો યાદ રાખશો. મારે આ સ્થળે કહેવું જોઇએ, અને તેને માટે હું આપની માફી માગું છું કે, તે યોજના નિષ્ફળ નીવડવાનું કારણ હિંદી સરકાર, સ્થાનિક સરકાર, કે સનંદી અમલદારો નથી પણ ખાસ કરીને બંગાળને લગતી બાબતોમાં હિંદી પ્રધાનની કાઉન્સીલે કરેલા ફેરફારને લીધેજ છે. લોર્ડ રીપનના ઠરાવમાં નીચલાં મુખ્ય સિદ્ધાંતો છેઃ—

(૧) સ્થાનિક સરકારોએ સમસ્ત દેશમાં સ્થાનિક બોર્ડો સ્થાપી તેઓને ચોકકસ ફરજો સોંપવી તથા તેઓનાં હસ્તક ચોકકસ ફંડો સોંપવાં.

(૨) શરુઆતની બોર્ડોની હકુમત એટલી હદમાં રાખવી કે તેના દરેક સભાસદને સ્થાનિક જ્ઞાન બરોબર મળવાની સાથે તેમનામાં સ્થાનિક બાબતોમાં ઉત્સાહ પેદા થાય.

(૩) જ્યાં ચુટણીનું તત્ત્વ રાખવામાં આવે ત્યાં બીનસરકારી સભાસદોની મોટી સંખ્યા રાખવી.

(૪) આ સંસ્થાઓ ઉપર સરકારનો અંદરથી નહિ પણ બાહેરથી કાબુ રાખવો અને જ્યાં બની શકે ત્યાં બીન સરકારી ચુંટી કહાડેલાં પ્રમુખોનીજ નીમણુંક કરવી.

સત્તાની વહેંચણી કરનાર કમિશને પણ પોતાના હેવાલમાં આ વિષય ચર્ચ્યો છે અને તેમાં ચોક્કસ ભલામણ કરવામાં આવી છે. સને ૧૯૦૮ માં લોર્ડ મોરલીએ કાઉન્સીલને લગતા સુધારા વિષેના પોતાના લખાણમાં જણાવ્યું હતુ કે " હિંદુસ્થાનનાં ગામડાંઓ ઘણી રાજ્યસત્તાઓનો નાશ થવા છતા પણ સામાજીક બંધારણનું અવિનાશી તત્વ ધરાવે છે. હું ઇચ્છું છું કે આપ નામદાર એવી ઉત્તમ રાજ્યનીતિ અખત્યાર કરશો કે જેથી ગામડાંજ જાહેર જીંદગીવાળા બને. "

તે પછી ૧૯૧૫ નો લોર્ડ હારડીંગની સરકારનો ઠરાવ છે જેમાં સત્તાની વહેંચણી કરનારા કમીશનની ઘણી ભલામણો સાથે સંમતિ દેખાડવામાં આવી છે. આથી આપણે સ્થાનિક સ્વરાજ્યની અગત્યતાની બાબતમાં સરકાર સાથે મળતા થઇએ છીએ. વળી સરકારની હીલચાલોથી આ કામને ટેકો મળ્યો છે. હિંદની સહકારી મંડળીઓના ધોરણ સંબંધી વિચાર ચલાવવા માટે નીમાએલી સર. ઈ. મેસ્તનની કમીટીના હેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ૧૯૦૬–૧૯૦૭ માં પ્રાથમિક સોસાઈટીઓ ૮૩૨ હતી ત્યારે ૧૯૧૩–૧૯૧૪ માં તેની સંખ્યા ૧૪૫૬૬ ની થઈ હતી અને સભાસદોની સંખ્યા ૮૮૫૮૨ થી વધીને ૬૬૧૮૫૯ ની થઈ છે. હેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે આ હીલચાલ હવે ચોક્કસ પાયા ઉપર મુકવામાં આવી છે. સોસાઈટીઓ હિંદના જુદા જુદા ભાગોમાં એટલી પ્રસરી છે અને તેના સભાસદોને એટલો લાભ મળે છે કે છેવટે આ હીલચાલ ભવિષ્યમાં ઘણુંજ મહાન સ્વરૂપ ધારણ કરશે. તથા તેને પરિણામે ખેડુત વર્ગ કે જે હાલ અજ્ઞાન હોવાથી મુંગો છે તેનું એક શક્તિમાન બંધારણ થશે.

સ્થાનિક સ્વરાજ્ય તથા સહકારી હીલચાલ બનેથી આપણી ઘણી મુશ્કેલીઓ દૂર થશે. અને ઘણા સવાલો જેવા કે પ્રાથમિક કેળવણી, નાના ઉદ્યોગો, ખેતી વાડીમાં સુધારો, ખેડુતોના કરજ, ગામડાઓની સુખ–શાંતિ, વિગેરેનો ફડચો કરી શકાશે. આપણે તે ઉપર ધ્યાન નજદીકમાં આપવાનું છે તે ગામડાંઓથી શરૂ કરી ઉપર ક્રમે ક્રમે વધવાનું છે. આથી આપણે ગરીબ લોકોનાં સમૂહની સ્થિતિમાં સુધારો કરવામાં સરકારની સાથે રહી ખંતથી કામ કરી શકીએ તેમ છીએ. સર ડેનીઅલ હેમીલ્ટને આગ્રહ પૂર્વક જણાવ્યુ છે કે ગામડાંઓમાં સહકારની હીલચાલની ખીલવણી માટે હઝારો લોકોની મદદ જોઇશે. સીવીલીઅનો એ તેઓની સંખ્યાના પ્રમાણમાં આ દિશામાં ઘણું કર્યું છે તે સ્તુતિપાત્ર છે. દશ વર્ષમાં ૧૦૦૦૦ ગામડાઓની બેંકો સ્થપાઈ છે પણ તે રીતે હિંદની પ્રગતિ થતાં સમસ્ત હિંદમાં બેંકો સ્થપાતાં બીજા ચારસો થી પાંચસો વર્ષો જોઇશે. શું હિંદનો મહાન ઉદ્યોગ શરાફીની યોજનાની સવળ કરી આપવામાં આવે ત્યાં સુધી રાહ જોતો રહેશે? જ્યારે અન્ય દેશોનાં ખેડુતોને ત્રણ, ચાર, પાંચ ટકે નાણું મળે છે ત્યારે સેંકડો વર્ષો લગીશું હિંદના ખેડુતોએ ત્રીસ, ચાળીસ, પચાસ ટકાનું વ્યાજ આપ્યા કરવુ? સેંકડો યુવકો દર વર્ષે તેની કોલેજોમાંથી બહાર પડે છે જેમને કાંઇપણ કાર્ય કરવાનું હોતુ નથી તેમ કાંઈ ટેકો પણ હોતો નથી. આપણે તેટલા માટે એવી આશા રાખીએ છીએ કે હિંદુસ્થાનની દરેક સ્કુલમાં આ બાબતની સંગીન કેળવણી યુવકોને આપવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યનો પાયો નાંખવાને સરકારે સઘળાં પ્રાંતોમાં જે શ્રમ ઉઠાવ્યો છે તેની જો કે, આપણે કદર કરીએ છીએ તોપણ હિંદી સરકારે ગયા ઉન્હાળામાં જે ઠરાવ બાહાર પાડ્યો છે તે ૧૮૮૨ ના લોર્ડ રીપનનાં ઠરાવના જેટલો ગામડાની અને ડીસ્ટ્રીકટ બોર્ડોના સભાસદો તથા પ્રમુખોની બાબતોમાં સરકારી તત્વ કમી કરી પ્રજાકીય તત્વ વધારવાની બાબતમાં ઉદાર નથી.

બ્રીટીશ હિંદના જેવા એક વિશાળ દેશનાં જુદા જુદા સંજોગો જોતાં સર્વત્ર લાગુ પાડી શકાય એવા સામાન્ય નિયમો રાખવાનું ૧૮૮૨ માં લોર્ડ રીપનને માટે જેટલું મુશ્કેલ હતુ તેટલુંજ આજે

પણ છે. આપણે જે માંગણી કરીએ છઇએ તે એ છે કે લોર્ડ રીપને નક્કી કરેલા નિયમોનો ઉદારપણે અમલ થવો જોઇએ. એટલે કે તેમને ખાસ ફરજો સોંપી તે માટે ખાસ ફંડો પુરાં પાડવાં જોઇએ. તેઓનો વહીવટ તેમનો વિસ્તાર બહુ વિશાળ હોવો જોઇએ નહી. સભાસદો અને પ્રમુખોમાં ચુંટણીનું પ્રમાણ વધારતાં જવું જોઇએ અને અમલદારોના કાબુમાંથી તેમને મુક્ત કરવા જોઇએ. આપણી તરફથી ૧૮૭૦ પછીથી જુદા જુદા પ્રાંતોની જુદી જુદી યોજનાઓ રજુ કરવામાં આવી છે. આમાંથી મી. મલબારી મી. દત્ત તથા મી. ગોખલેની યોજનાઓનું હું વર્ણન કરીશ. બંગાલ, મુંબઇ, મદ્રાસ, સંયુક્ત પ્રાંતો, પંજાબ અને મધ્ય પ્રાંતોમાં અમલદારો તરફથી પણ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. આ તમામ યોજનાઓ સાથે મેળવી તે આધારે અસરકારક રીતે આગળ વધવાનું મુશ્કેલ નહિ પડવું જોઇએ અને મારૂ ખાત્રી પૂર્વક માનવું છે કે આ સવાલ ફરીથી ઉત્સાહ પૂર્વક એકદમ ઉપાડી લેવામાં આવે તો હિંદમાં સ્થાનિક સ્વરાજ્યની છેવટની ફત્તેહ નિસંદેહ છેજ. આપણી ફરજ એ છે કે જુદા જુદા પ્રાંતોમાં સ્થાનિક સ્વરાજ્ય વિષે જે ઉપાયો યોજવામાં આવે તેની ફતેહ માટે અમલદારો સાથે રહી કામ કરવું, તથા તેમને મદદ કરવી. આપણે ઘણીવાર માની લઇએ છઇએ તેમ માની લેવુ નહિ કે સનદી અમલદારો જે સત્તા હાલ ભોગવે છે ને ભોગવતા આવ્યા છે તે છોડવાનું પસંદ કરશે નહિ. તેમને ઇન્સાફ આપવાની ખાતર આપણે યાદ રાખવું જોઈએકે તે મહાન મંડળના સભ્યોએ હિંદની સેવા બજાવવામાં કચાસ રાખી નથી. વળી હિંદી સનદી નોકરીમાંના મારા મિત્રો મને એમ પણ જણાવા દેશે કે કેળવાએલા હિંદીઓ પોતાના પછાત બંધુઓના સમાગમમાં નથી. એમ માની લેવાની તેઓએ પણ ભુલ કરવી નહિ. તેમ કેળવાએલાઓને પોતાના અંગત લાભ તથા વધારાને ખાતર અંકુશમાં રાખવાની કોશીશ કરવી નહિ. આપણે સઘળા એક બીજાની સહાનુભૂતિથી દરેક શાખામાં હિંદની ઉન્નતિ માટે કામ કરતા હોઇએ તેવી રીતે વર્તવું જોઇએ. આપણા ભાઇની ખામીઓ શોધવા જતાં આપણી પોતાની ખામીઓ સુધારવાનું ભૂલવું જોઇએ નહિ. આપણે એક બીજા પ્રત્યે અભાવ કે દ્વેશની લાગણીથી જોવું નહીં પણ હિંદના કરોડો મનુષ્યોની આબાદી માટે સંપથી કામ કરવું જોઇએ.

વ્યાપાર, ઉદ્યોગ, અને ખેતી.

બ્રીટીશ અમલમાં દેશ તવંગર બને છે કે નિર્ધન તે વિષે ગમે તેટલો મત ભેદ હોય તો પણ દેશ નિર્ધન છે તેમાં કાંઇપણ મતભેદ નથી. પ્રજાના સઘળા વર્ગોની સંગીન આબાદી સિવાય દેશમાં કદી રાજ્યદ્વારી સંતોષ હોઇ શકે નહિ. બંગાલના સંબંધમાં બંગાલની જીલ્લા વહીવટ દારી કમીટી એમ જણાવે છે કે આપણું ઔદ્યોગિક પછાત પણું એક મોટા રાજકીય ભયનું કારણ છે ને તે બંગાલને વિષે નહિં પણ સમસ્ત હિંદને વિષે ખરૂ છે. આપણે આશ્ચર્ય કારક રીતે પછાત છઇએ તે વિષે તો કાંઇ સવાલજ નથી. કુદરતી બક્ષીસોમાં તવંગર હોવા છતાં સુધરેલી દુનીઆમાં હિંદ સર્વેથી ગરીબ દેશ તરીકે ચાલુ છે. પરિણામ એ આવે છે કે પ્રજાના ચોકકસ વર્ગોમાં શોકજનક અરાન્ડી પ્રવૃત્તિ ઉભી થાય છે. બંગાળની જીલ્લા વહીવટદારી કમીટી જણાવે છે કે આ બેચેનીને લીધે સરકારને જાપતાના ઉપાયો લેવાની જરૂર પડે છે. આવી ખેદકારક જરૂરીઆત ઉત્પન્ન ન થાય તે માટે એવા લાભદાયક ઉપાયો યોજવાની આવશ્યકતા છે કે જેથી નુકશાનકારક પરિણામો અટકાવવાનો ચોક્કસ ઉપાય હાથ લાગે ને એમ પણ સાબીત થાય કે સરકાર જેટલી સુલેહ જાળવી રાખવાને આતુર છે તેટલીજ આબાદી વધારવાને પણ છે. આ ઉપાયો શું છે ? ઔદ્યોગિક શાળાઓને કળા વિજ્ઞાન સંસ્થાઓ તે માટે પુરતાં નથી. સઘળા અર્વાચીન રાજ્યોમાં આવી સંસ્થાઓ ઔદ્યોગિક ખીલવણીની સામાન્ય રીતે પછી શરૂ કરવામાં આવી છે. જાપાને પહેલું પગલું કારખાનાઓ ઉભાં કરવાનું કર્યું હતુ. અને તેને માટે સરકારે નાણાંની સગવડ કરી હતી. અથવા તો

સરકારે કબજે રાખી પરદેશથી અનુભવીઓને બોલાવી તેમને વહીવટ સોંપવામાં આવ્યો હતો. એક હિંદમાંજ કોઈ છુટી છવાઈ કોશીશોના અપવાદ સિવાય સરકાદ વેપાર ઔદ્યોગિક કેળવણી કરવાની તેની ફરજ નથી એવા પુરાણુ મતને વળગી રહે છે. હવે એવો સમય આવ્યો છે કે આ રાજ્યનીતિનો ત્યાગ કરવો જોઈએ. દેશનાં સર્વથી મોટાં ઉદ્યોગ, ખેતીવાડી, માટે પ્રયોગો કરવાનું કામ વ્યાવાહારિક પાયા ઉપર ઉપાડી લેવાની અગત્યતા સર્વે તરફથી સ્વીકારવામાં આવે છે. અને જ્યાં એ નિયમનો અમલ થાય ત્યાંજ ખેતીને લગતાં સુધારાઓને પ્રજાપણુ ઉપાડી શકે તેમ છે. બીજા ઉદ્યોગોને કારખાનાનાં સંબંધમાં પણુ એવી રાજ્યનીતિનું પરિણુામ પણુ એવુંજ આવ્યા વિના રહે નહી. સરકારે જ્યારે જ્યારે તેવા અખતરાઓ અજમાવ્યા છે ત્યારે ત્યારે પરિણુામ તેવુંજ આવ્યું છે. દાખલા તરીકે મદ્રાસના એલ્યુમીનીઅમ અને ક્રૉમ ટેનીંગના ઉદ્યોગોને હાલનો સમય ઘણો અનુકુળ છે. લડાઈથી જર્મન અને ઓસ્ટ્રીયાની માલની થતી ગંજાવર આયાત બંધ પડી છે ને જે વેપાર ઉપર આપણો હેતુ છે તે આપણા હાથમાંથી લઈ લેવાને જાપાને ભગીરાથ પ્રયત્નનો આરંભ કર્યો છે. આ બાબતની વિગતમાં ઉતરવાનું ખાસ જ્ઞાન કે લાયકાત હું ધરાવતો નથી. પણુ હું જોઇને ખુશી થયો છું કે વેપારી કોંગ્રેસમાં બીરાજેલા અનુભવીઓ આ બાબતમાં આપણુને સરકાર તરફથી કેવી રીતે મદદ મળી શકે તે બતાવી આપશે. પણુ હું આટલું તો હિંમ્મત પૂર્વક કહીશ કે આ સવાલોનો નિકાળ કરવાનું લંબાય તે સલામતી ભરેલું નથી. આના સંબંધમા ઈંગ્રેજ રાજદ્વારીઓની ઉત્તમ નિઃપક્ષપાતપણાની પણુ કસોટી થશે. કારણુકે હિંદી ઉદ્યોગોની: ખીલવણી કરવા અને તેમનું રક્ષણુ કરવામાં ઈંગ્રેજ વ્યાપારીઓને હાનિકારક પગલાં લેવાની જરૂરીઆત ઉભી થવા સંભવ છે.

સ્વાશ્રયનો કાર્ય ક્રમ

અત્યાર સુધી સરકાર તરફથી જે કામો કરી શકાય તે વિષે હું બોલ્યો છું. અને તેમ કરતાં આડકતરી રીતે આપણે કઈ દિશામાં કામ લઈ આગળ વધી શકીએ તે વિષે મેં ઇશારો કર્યો છે. ખરેખર કામ કરવાનું આ ક્ષેત્ર એટલું વિશાળ છે કે તેનુ વર્ણુન કરવાનું શકય નથી. પ્રાથમિક કેળવણી, ખેતીવાડી, અને ઔદ્યોગિક કેળવણીનો સુધારો ગામડાં તેમજ શેહેરની સ્થિતિનો સુધારો, આ સર્વ દિશાઓમાં દરેકને માટે પુષ્કળ કામ છે. માત્ર આપણે જો વ્યવસ્થા પૂર્વક કામ કરવાની પદ્ધતિ ધારણુ કરીએ તો આપણી કોશીશોથી આપણે ઘણું કરી શકીએ.

હું સૂચવવાની રજા લઉછુ કે આપણા કોંગ્રેસના કામના એક ભાગ તરીકે આ સર્વ દિશાઓમાં આપણે કાર્ય ક્રમ નક્કી કરી આગળ વધવું જોઇએ. અને આખા દેશમાં પ્રાંતિક અને જીલ્લા કમીટીઓ મારફત એક અથવા વધુ દિશામાં આપણે કાર્ય કરતાં રહેવું જોઇએ કે જેથી વર્ષની આખરે આપણે કાંઈ શેપ માત્ર પરિણામ બતાવી શકીએ. દાખલા તરી કે જ્યારે આપણે મફત અને ફરજીઆત કેલવણીનું ધોરણુ ચાલુ થવાની રાહ જોઇએ છઇએ ત્યારે કોંગ્રેસની પ્રાંતિક કમીટીઓની જીલ્લાંની દરેક શાખાએ દર વર્ષે પોતાનાં જીલ્લાંમાં દશ નહિ તો પાંચ પ્રાથમિક કેળવણીની શાળાઓ સ્થાપવી જોઇએ એજ પ્રમાણે જીલ્લા સ્થાનિક અને તાલુકા બોર્ડોનાં કામની મદદ કરવામાં તથા આપણાં ગામડાંની વસ્તીમાં સુખાકારી, આરોગ્યતાનાં મૂળ તત્વોનું જ્ઞાન ફેલાવવા અને સ્થાનિક અને પ્રાંતિક દુઃખો જરૂર હોય ત્યાં ઓછા કરવા આપણે ઉલટ બતાવી આપણું ઉપયોગી પણું તસાબી કરવું જોઇએઃ—

આવી જાતના સ્વાશ્રય માટે, આપણા કાર્યક્રમને આગળ વધારવા માટે, ફંડોની જરૂર છે તે ભેગાં કરવા આપણે ખુશી છઇએ ? મારાં મનમાં આ વિષે કાઇક અશ્રદ્ધાની લાગણી પેદા થાય છે એ. ઓ. હ્યુમ જેવા આગેવાનોએ અને મિત્રોએ હિંદ તેમજ ઈંગ્લંડના કોંગ્રેસના કામને જારી રાખવા માટે કાયમની ગોઠવણુ કરવા હર વખત કહેલાં છતા તેમની શીખામણુ તરફ કાંઇપણુ ધ્યાન આપવામાં

આવ્યુ નથી. ગયે વર્ષે સર. એસ. આય્યરે એવી સૂચના કરી હતી કે કોંગ્રેસના હીમાયતી ઓનું એક એવું મંડળ સ્થાપવું કે જેનો દરેક સભાસદ વાર્ષિક રૂ, ૨૫) જેટલી રકમ આપે તેમના ધારવા પ્રમાણે આવા ગૃહસ્થો દરેક પ્રાંતમાંથી મેળવવામાં મુશ્કેલી આવશે નહિ. તેમણે વળી એવી પણ સૂચના કરી હતી કે એવી રીતે એકઠાં થએલા ફંડને રાખીને તેનો વહીવટ કરવા થોડા ટ્રસ્ટીઓ નીમવા અને તેનું કોર્પોરેશન જેવું બંધારણ કરી તેને કાયદા પ્રમાણે રજીસ્ટર કરાવવું કે જેથી ટુંક સમયમાં જે ભંડોળ ભેગું કરવામાં આવે, તેમજ કોંગ્રેસને જે મદદ મળે તે મેળવીને રાખવાની, તેમને ઘટતી સત્તા મળે.

હિંદના મધ્ય વિચારના આગેવાનો જાહેર કામો માટે ભેગા મળી થોડા દિવસ વિચાર ચલાવે છે. અને પછી વર્ષના બાકીના ભાગમાં કાંઇપણ કાર્ય કરતા નથી એવો જે આરોપ મુકવામાં આવે છે તે આ કોંગ્રેસ વખતે આપણે દૂર કરવો જોઇએ. ૧૯૦૪ માં મી. હકવે જે સલાહ આપી છે તે આપણા હૃદયમાં આપણે કોતરી રાખવી જોઇએ. તેમણે કહ્યું હતુ કે "તમારા સ્વાર્થ માટે મૂર્ખાઈ ભરેલી માંહો માંહેની તકરારોનો ત્યાગ કરો અને નુકશાન કારક હરીફાઇને છોડી દ્યો. સંપથી વર્તી અરસપરસ મદદ કરો. બુદ્ધિ પૂર્વક પ્રવૃતિ જારી રાખો. તમારો સમય, પૈસાને, હૃદયને, છુટથી કોંગ્રેસનાં કાર્યમાં વાપરો, થોડું બોલોને ઘણું કામ કરો." વસ્તુસ્થિતિનો બરાબર તપાસ કરી તેને આધારે સામાજીક અને શહેરી જીવનનાં વ્યાવહારિક સવાલોનો ફડચો આપણે કરવો જોઇએ અને આપણી સંસ્થા જાગૃત છે એમ દર્શાવવા માટે આપણું કાર્ય ચાલું રાખવા માટે ફંડ એકઠું કરવાનું કામ અનિવાર્ય છે માટે તે આપણે પ્રથમ શરૂ કરવું જોઈએ. આ કોંગ્રેસ સતત અને સ્થિર પ્રયત્ન માટે ફળરૂપ ઝરા સમાન થઈ પડે અને તેને સેવા તેમજ આત્મ ભોગથી પુષ્ટિ મળતી રહે તથા તે શાન્તી તથા આબાદીના ફાયદાઓ સર્વત્ર ફેલાવે એવી હું આશા રાખું છુ. આજે તમારી પાસે હું ખુલ્લા હૃદયથી બોલ્યો છું હિંદી રાષ્ટ્રીય પરિષદના હેતુઓને થોડે અંશે પણ પાર પાડવામાં અને હિંદ તેમજ ઈંગ્લંડના હૃદયોને ફત્તેહ મંદી સાથે અરજ ગુજારવામાં જો હું અલ્પ અંશેપણ ફત્તેહમંદ થયો હઉં તો આજે મ્હે જે નમ્ર સેવા બજાવી છે તેનો સંપૂર્ણ બદલો મને મળ્યો છે એમ હું માનીશ.

આપણુ ભવિષ્ય.

પ્રતિનિધિ બંધુઓ ! સરકારે આપણે માટે શું કરવું અને આપણે પોતે શું કરવું કે જેથી ભવિષ્યમાં હિંદ એવી સ્થિતિને પ્રાપ્ત થાય કે જે સ્થિતિથી આપણા આશયોને, આપણી સર્વોત્તમ લાગણીઓને, શાન્તિ થાય તે વિષે મે યથાશક્તિ નિવેદન કર્યું છે. આ ઉદ્દેશ તરફ લડાઇ આપણને ત્વરાથી લઈ જાય છે. આવા સંહાર અને ખુનરજીની વચમાં પણ ઘણા અસત્યનો નાશ થાય છે અને સત્યના અંકુરો ફુટે છે. ખોટી મગરૂરી અને અલગપણાંની જગોએ પરસ્પર સમાગમ તથા મિત્રાચારીની લાગણીનોપ્રચાર જોવામાં આવે છે. પ્રોટેસ્ટંટ, અને કેથોલીક ચર્ચમેન અને ડીસેન્ટર, હિંદુ અને મુસલ માન ઈંગ્લીશ મેન, અને ઇન્ડીઅન કોલોનીઅલ અને કાળાલોકો એકજ આદર્શમાં વિશ્વાસ રાખી પોત પોતાનાં મંદિરોમાં નહિ પણ તુરત બનાવેલી ખાઇઓના અથવા ઝુપડાઓના રક્ષણ નીચે પોતાની પ્રાર્થના દરરોજ કરે છે. આત્મ ભોગનો એક નવો જુસ્સો, નબળા અને દુઃખથી પીડાતા લોકો તરફ નવીન દીલસોજીની લાગણીનો પ્રસાર થયો છે. મોજશોખની જગા જાતી ભોગે લીધેલી છે; અને તમામ બ્રીટીશ શેહેનશાહતમાં શુભેચ્છા અને અરસ પરસ સેવા બજાવવાનું વાતાવરણ ફેલાતું જાય છે. મને લાગે છે કે અતકર્ય ઇશ્વિરી શકિતના શુભ અમલમાં સુલેહ અને શુભેચ્છાના નવા જમાનામાં આપણે પ્રવેશ કરીશું અને આપણી વ્હાલી માતૃભૂમી જે શેહેનશાહત સાથે કાયમ માટે જોડાએલી છે તે તેમાં એક માનવંત જગા ભોગવશે, અને આપણે તે શેહેનશાહતના સમાન સ્વતંત્રતા ભોગવતા શેહેરીઓ થઈ તેનો બોજો તથા તેની જોખમદારીઓ ઉપાડીશુ અને મિત્રો અને ભાઇઓ તરીકે તેના સ્વતંત્રતાના અને કીર્તિના વારસામાં ભાગ લઇ શું.

જાહેર વિનંતિ.

મુંબઇ શહેરની ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમીટીઓની વતી જનરલ સેક્રેટેરીયલ બોર્ડે હાથે ધરેલું કામ કરવા માટે આ વર્ષે રૂ. ૪૦૦૦ હજાર નો ખર્ચ થશે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે. રાજકીય બાબતોમાં ઉત્સાહ ધરાવનારા સર્વ લોકોને આ કામમાં યથા શક્તિ મદદ કરવા વિનંતિ છે.

મદદ,—સેક્રેટરીઓ,—

જનરલ સેક્રેટેરીયલ બોર્ડ ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટી સર્વન્ટસ ઑફ ઇંડિયા સોસાઇટી, ગિરગામ, મુંબઈ એ ઠેકાણાપર મોકલવાની મહેરબાની કરશો.

ગુજરાતમાંની

ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીઓએ

સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહના

ભાષણની

ગુજરાતી ભાષાંતરની પ્રતિઓ,

આપના જીલ્હામાંના લોકોને વેંચવા માટે

સેક્રેટરી,

જનરલ સેક્રેટેરીયલ બોર્ડ. ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીઝ, મુંબઈ.

સર્વંટસ ઑફ ઇન્ડિયા સોસાયટીનું મકાન,

ગિરગામ, મુંબઈ.

એમના પાસથી મંગાવવી.

Printed by Chintaman Sakharam Deole, at the Bombay Vaibhav Press, Servants of India society's Building, Sandhurst Road, Girgaon, Bombay

and

Published by N. M. Joshi, Servants of India Society, Sandhurst Road, Bombay.